સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

ICE CURRENT NEWS WEEK 44નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[OCT/NOV-2019]
[27/10 to 02/11]

# WEEK-44


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

હવે ગાંધીનગરમાં

આપની વધુ પાસે, હર હંમેશ આપની સાથે

Gh-2, Sector-6, 2nd Floor, Near Iscon Gathiya, Gandhinagar-382006

81406-01110 / 81407-01110

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 27 OCTOBER, 2019 SUNDAY

### ➤ દિવસ મહિમા : 27 ઓક્ટોબર, વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ (World Day for Audiovisual Heritage)

### ➤ 20મો પશુધન વસતી ગણતરી રિપોર્ટ 2019



તાજેતરમાં ભારત સરકારના પશુપાલન, ડેરી અને મત્સ્ય પાલન વિભાગ દ્વારા 20મો પશુધન વસતી ગણતરી રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2012ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં પશુધનમાં 4.6 ટકાનો વધારો થયો છે.
- અને આ સાથે જ ભારતમાં પશુધનની કુલ વસતી વધીને 535.78 મિલિયન એટલે કે 53.57 કરોડ જેટલી થઈ ગઈ છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2012ની તુલનાએ ગાયની સંખ્યામાં 18 ટકાનો વધારો થયો છે. ભારતમાં ગાયોની કુલ સંખ્યા 14.51 કરોડ છે.
- જ્યારે ભેંસોની સંખ્યામાં 1 ટકાનો વધારો થયો છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં પશુઓની સંખ્યામાં સૌથી વધુ 23 ટકા વધારો પશ્ચિમ બંગાળમાં થયો છે.
- જ્યારે પશ્ચિમ બંગાળ બાદ તેલંગાણા બીજા ક્રમે છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં ગોજાતીય પશુઓની વસતીમાં વર્ષ 2012ની તુલનાએ વર્ષ 2019માં 1 ટકાનો વધારો થયો છે.

#### પશુધન વસતી ગણતરી

ભારતમાં વર્ષ 1919-20થી પશુધન વસતી ગણતરીનો પ્રારંભ થયો છે.

- ભારતમાં 1919-20થી સમય સમયે પાંચ વર્ષમાં એક વખત પશુધન વસતી ગણતરી થાય છે.
- તાજેતરમાં ભારતમાં 20મી પશુધન વસતી ગણતરી કરવામાં આવી છે.
- આ અગાઉ ભારતમાં વર્ષ 2012માં 19મી પશુધન વસતી ગણતરી કરવામાં આવી હતી.
- ભારતમાં પશુધન વસતી ગણતરી અંતર્ગત ગાય, ભેંસ, ઘેટું, બકરી, ઊંટ, ઘોડા વગેરે જેવા પાલતુ પશુઓની ગણતરી કરવામાં આવે છે.
- ભારતમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની ભાગીદારીથી આ ગણતરી કરવામાં આવે છે.

**નોંધ :**
(1) આ રિપોર્ટ અનુસાર ભારતમાં ઘેટા અને બકરી જેવા પશુઓની વસતીમાં ક્રમશઃ 14.1 અને 10.1 ટકાનો વધારો થયો છે.
(2) જ્યારે ઊંટ, ઘોડા, ગધેડા, ખચ્ચર વગેરે જેવા પશુઓની સંખ્યામાં ઘટાડો થયો છે.
(3) જેમાંથી ભારતમાં ગધેડાની વસતીમાં 61.23 ટકાનો ઘટાડો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**Table 1: Livestock Population - Major Species**

| Category | Population (In million) 2012 | Population (In million) 2019 | % growth |
|---|---|---|---|
| Cattle | 190.90 | 192.49 | **0.83** |
| Buffalo | 108.70 | 109.85 | **1.06** |
| Sheep | 65.07 | 74.26 | **14.13** |
| Goat | 135.17 | 148.88 | **10.14** |
| Pig | 10.29 | 9.06 | **-12.03** |
| Mithun | 0.30 | 0.38 | **26.66** |
| Yak | 0.08 | 0.06 | **-25.00** |
| Horses & Ponies | 0.63 | 0.34 | **-45.58** |
| Mule | 0.20 | 0.08 | **-57.09** |
| Donkey | 0.32 | 0.12 | **-61.23** |
| Camel | 0.40 | 0.25 | **-37.05** |
| **Total Livestock** | **512.06** | **535.78** | **4.63** |

## ➤ કેન્દ્ર સરકારના ખોટ કરતા એકમો BSNL અને MTNLને મર્જ કરવામાં આવશે




તાજેતરમાં ભારતમાં **નવી દિલ્હી** ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં **BSNL અને MTNL**ના મર્જરની મંજૂરી આપવામાં આવી છે.

- આ ઉપરાંત કેન્દ્ર સરકારે ખોટ કરતા આ બંને એકમોના ફરીથી વિકાસ માટે કુલ **68,751 કરોડ રૂપિયા**ના રાહત પેકેજની જાહેરાત કરી છે.
- આ અંતર્ગત આ સરકારી કંપનીઓને GST માટે રૂ. 3674 કરોડ, 4G સ્પેક્ટ્રમ માટે રૂ. 20,140 કરોડ, VRS માટે રૂ. 29,937 કરોડ ફાળવવામાં આવશે. અને **રૂ. 15,000 કરોડ**ના **બોન્ડ** બહાર પાડવામાં આવશે.

### BSNL અને MTNL

BSNL અને MTNL એ ભારતની **સરકારી ટેલિકોમ** કંપનીઓ છે.

- **BSNL**નું પૂરું નામ **Bharat Sanchar Nigam Limited** છે.
- ભારતમાં **1 ઓક્ટોબર, 2000**ના રોજ BSNLની સ્થાપના થઈ હતી.
- BSNLનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- **MTNL**નું પૂરું નામ **Mahanagar Telephone Nigam Limited** છે.
- MTNLની સ્થાપના **1 એપ્રિલ 1986**ના રોજ થઈ હતી.
- MTNLનું વડું મથક પણ **નવી દિલ્હી** ખાતે જ આવેલું છે.

**નોંધ :** **BSNL**નું સ્લોગન **'Connecting India Faster'** છે.

## ICE Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 25 ઓક્ટોબર (B) 26 ઓક્ટોબર (C) 27 ઓક્ટોબર (D) 28 ઓક્ટોબર **(C)**

2. તાજેતરમાં ભારતમાં કેટલામી પશુધન વસતી ગણતરી કરવામાં આવી છે ?
(A) 17મી (B) 18મી (C) 19મી (D) 20મી **(D)**

3. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 20મા પશુધન વસતી ગણતરી રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2019માં કુલ પશુધનની વસતી કેટલી છે ?
(A) 535.78 મિલિયન અથવા 53.57 કરોડ (B) 538.78 મિલિયન અથવા 53.87 કરોડ
(C) 541.78 મિલિયન અથવા 54.17 કરોડ (D) 545.78 મિલિયન અથવા 54.57 કરોડ **(A)**

4. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 20મા પશુધન વસતી ગણતરી રિપોર્ટ અનુસાર વર્ષ 2012ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં પશુધનની કુલ વસતીમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 3.6 (B) 4.6 (C) 5.6 (D) 6.6 **(B)**

5. 20મા પશુધન વસતી ગણતરી રિપોર્ટ અનુસાર વર્ષ 2012ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં ગાયની વસતીમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 22 (B) 18 (C) 16 (D) 14.1 **(B)**

6. 20મા પશુધન વસતી ગણતરી રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2012ની તુલનાએ 2019માં ભારતના કયા રાજ્યમાં પશુધનની વસતીમાં સૌથી વધુ વધારો થયો છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) તમિલનાડુ (C) પશ્ચિમ બંગાળ (D) બિહાર **(C)**

7. ભારતમાં પશુધન વસતી ગણતરીનો પ્રારંભ ક્યારથી થયો છે ?
(A) 1909-10 (B) 1915-16 (C) 1919-20 (D) 1929-30 **(C)**

8. તાજેતરમાં કેન્દ્ર સરકારે કઈ બે ટેલિકોમ કંપનીઓના મર્જરની જાહેરાત કરી છે ?
(A) BSNL - LTNL (B) BSNL - STNL
(C) BSNL - NTNL (D) BSNL - MTNL **(D)**

9. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે BSNL - MTNL માટે કુલ કેટલા રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે ?
(A) 60,751 કરોડ (B) 65,751 કરોડ (C) 68,751 કરોડ (D) 72,751 કરોડ **(C)**

10. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે BSNL - MTNLને રાહત આપવા માટે કેટલા રૂપિયાના સોવરિન બોન્ડ બહાર પાડવાની જાહેરાત કરી છે ?
(A) 10,000 કરોડ (B) 12,000 કરોડ (C) 15,000 કરોડ (D) 20,000 કરોડ **(C)**

11. MTNLનું પૂરું નામ શું છે ?
(A) Maharashtra Telecom Nigam Limited
(B) Maharashtra Telephone Nigam Limited
(C) Mumbai Telephone Nigam Limited
(D) Mahanagar Telephone Nigam Limited **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 28 OCTOBER, 2019 MONDAY

### ➢ દિવસ મહિમા : 28 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ (International Animation Day)

### ➢ ભારતમાં હવે વિદેશી કંપનીઓ પણ પેટ્રોલ પંપ નાંખી શકશે



તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે ફ્યુઅલ રિટેલ સેક્ટરમાં છેલ્લા બે દાયકાનો સૌથી મોટો સુધારો કરતા સરકારે નવા પેટ્રોલ પંપ શરૂ કરવાના નિયમો હળવા બનાવ્યા છે.

- આ ઉપરાંત ભારતમાં હવે નોન ઓઈલ કંપનીઓને પણ પેટ્રોલ પંપ ખોલવાની મંજૂરી આપવામાં આવી છે.
- આ અંતર્ગત ભારતમાં અત્યાર સુધી ફ્યુઅલ રિટેઈલિંગ લાયસન્સ મેળવવા માટે કંપનીને હાઈડ્રોકાર્બન એક્સપ્લોરેશન અને પ્રોડક્શન, રિફાઈનિંગ, પાઈપલાઈન્સ કે LNG ટર્મિનલમાં રૂ. 2000 કરોડનું રોકાણ કરવું જરૂરી હતું.
- જોકે હવે નવા નિયમ પ્રમાણે રૂ. 250 કરોડની નેટવર્થ ધરાવતી કંપની પણ કેટલીક શરતોને આધીન ભારતમાં પેટ્રોલ અને ડિઝલનું વેચાણ કરી શકશે.
- આ માટે તેમણે પાંચ વર્ષની અંદર 5 ટકા પેટ્રોલ પંપ ગ્રામીણ વિસ્તારોમાં ખોલવા પડશે.
- આ ઉપરાંત તેમણે CNG, LNG, બાયોફ્યુઅલ કે ઈલેક્ટ્રિક વાહનોના ચાર્જિંગ પૈકી કોઈ એકની સુવિધા આપતા એકમની પણ ત્રણ વર્ષની અંદર રચના કરવી પડશે.
- સરકારના આ નિર્ણયથી ખાનગી અને વિદેશી કંપનીઓ પણ ભારતમાં નવા પેટ્રોલ પંપ શરૂ કરી શકશે.
- આ સાથે જ વિદેશની જેમ મોટા શોપિંગ મોલ અને રિટેલ શોપમાં પણ પેટ્રોલ ડીઝલનું વેચાણ થશે.

**નોંધ :** (1) ભારતમાં હાલ લગભગ 65000 જેટલા પેટ્રોલ પંપ કાર્યરત છે.

(2) જેમાં મોટા ભાગના પેટ્રોલ પંપની માલિકી સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, HPCL અને BPCLની છે. તેમાંથી સૌથી વધુ આશરે 27,981 પેટ્રોલ પંપ ઈન્ડિયન ઓઈલના છે. ઈન્ડિયન ઓઈલ બાદ HPCL બીજા અને BPCL ત્રીજા ક્રમે છે.

(3) જ્યારે ખાનગી કંપનીઓમાં પેટ્રોલ પંપની સૌથી વધુ સંખ્યા (5344) નાયરા એનર્જી (અગાઉ એસ્સાર ઓઈલ)ના પેટ્રોલ પંપોની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

## ➤ કેનેડાની ચૂંટણીમાં વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડોનો વિજય



તાજેતરમાં કેનેડામાં યોજાયેલી ચૂંટણીમાં વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડોની લિબરલ પાર્ટીએ અથવા તો લિબરલ પાર્ટી ઓફ કેનેડાએ ચૂંટણી જીતી લીધી છે.

- જોકે આ ચૂંટણીમાં તેમને બહુમતી માટે જરૂરી 170 બેઠકની જગ્યાએ 157 બેઠક જ મળી છે. આથી, તેઓ લઘુમતી સરકાર બનાવશે.
- જ્યારે શ્રી જસ્ટિન ટ્રુડોના મુખ્ય પ્રતિસ્પર્ધી અને વિપક્ષી નેતા શ્રી એન્ડ્રુ સ્કીરની કન્ઝર્વેટિવ પાર્ટીને આ ચૂંટણીમાં 121 બેઠકો મળી છે.
- આ ચૂંટણીમાં ભારતીય મૂળના શ્રી જગમત સિંહ કિંગમેકર બનીને ઉભર્યા છે.
- ડાબેરી વલણ ધરાવતી તેમની 'ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી' (NDP)ને 25 બેઠકો મળી છે. અને કેટલીક શરતોને આધારે તેમણે શ્રી જસ્ટિન ટ્રુડોને સમર્થન આપવાની વાત કરી છે.

**નોંધ :** તાજેતરમાં કેનેડામાં સંસદની 338 બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી.




## ICE Questions

1. ‘આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર **(C)**

2. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે કેટલા કરોડ રૂપિયાની નેટવર્થ ધરાવતી કંપનીને પેટ્રોલ-ડિઝલના વેચાણની મંજૂરી આપી છે ?
(A) 50 (B) 100 (C) 150 (D) 250 **(D)**

3. ભારતમાં અત્યાર સુધી ફ્યુઅલ રિટેઈલિંગ લાઈસન્સ મેળવવા માટે આ ક્ષેત્રમાં કેટલા કરોડનું રોકાણ કરવું જરૂરી હતું ?
(A) 1000 (B) 2000 (C) 3000 (D) 5000 **(B)**

4. ભારતમાં રૂ. 250 કરોડ કે તેથી વધુ નેટવર્થ ધરાવતી કંપનીને પેટ્રોલ-ડિઝલના વેચાણ માટે પાંચ વર્ષમાં ગ્રામીણ વિસ્તારમાં ઓછામાં ઓછા કેટલા ટકા પેટ્રોલ પંપ શરૂ કરવા પડશે ?
(A) 5 (B) 10 (C) 15 (D) 20 **(A)**

5. હાલમાં ભારતમાં કઈ કંપનીના પેટ્રોલ પંપની સંખ્યા સૌથી વધારે છે ?
(A) ઈન્ડિયન ઓઈલ (B) HPCL (C) BPCL (D) રિલાયન્સ **(A)**

6. તાજેતરમાં કેનેડામાં યોજાયેલી સંસદીય ચૂંટણીમાં કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડો ફરીથી ચૂંટાઈ આવ્યા છે...તેમના પક્ષનું નામ શું છે ?
(A) કન્ઝર્વેટિવ પાર્ટી (B) લિબરલ પાર્ટી
(C) રિપબ્લિકન પાર્ટી (D) ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી **(B)**

7. કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડોના મુખ્ય પ્રતિસ્પર્ધી અને વિપક્ષના નેતા શ્રી એન્ડ્રુ સ્કીરના પક્ષનું નામ શું છે ?
(A) કન્ઝર્વેટિવ પાર્ટી (B) લિબરલ પાર્ટી
(C) રિપબ્લિકન પાર્ટી (D) ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી **(A)**

8. તાજેતરમાં કેનેડાની ચૂંટણીમાં કિંગમેકર તરીકે ઉભરી આવેલા ભારતીય મૂળના શ્રી જગમિત સિંહના પક્ષનું નામ શું છે ?
(A) કન્ઝર્વેટિવ પાર્ટી (B) લિબરલ પાર્ટી
(C) રિપબ્લિકન પાર્ટી (D) ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 29 OCTOBER, 2019 TUESDAY

### ➤ સતર્કતા જાગૃતિ સપ્તાહ 2019

ભારતમાં **ભ્રષ્ટાચાર નાબૂદી** માટે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે **કેન્દ્રીય સતર્કતા આયોગ** દ્વારા તાજેતરમાં **28 ઓક્ટોબરથી 2 નવેમ્બર 2019** દરમિયાન ‘**સતર્કતા જાગૃતિ સપ્તાહ**’ની ઉજવણી કરવામાં આવી છે.

- આ અંતર્ગત વર્ષ **2019**ની સતર્કતા જાગૃતિ સપ્તાહની થીમ ‘**ઈમાનદારી - એક જીવન શૈલી**’ છે.
- ભારતમાં દર વર્ષે **શ્રી સરદાર પટેલ**ના જન્મદિન વાળા સપ્તાહમાં આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

## ➤ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો ઉઝબેકિસ્તાનનો પ્રવાસ



ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ તાજેતરમાં **પાંચ દિવસ** માટે **ઉઝબેકિસ્તાન**ની મુલાકાત લીધી હતી.

- તેમના આ પ્રવાસના પ્રથમ દિવસે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **ઉઝબેકિસ્તાન**ના **અંદિજાન**માં **શ્રી સરદાર પટેલ સ્ટ્રીટનું** નામકરણ અને **શ્રી સરદાર પટેલની અર્ધપ્રતિમાનું** અનાવરણ કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે **અંદિજાન રિજિયન**ના ગવર્નર સાથે ઉઝબેકિસ્તાનના અંદિજાન રિજિયનમાં આવેલા ઉઝબેક - ઈન્ડિયા ફ્રી ફાર્મા ઝોનમાં 5 કરોડ ડોલરના ખર્ચે સ્થપાનાર **Cadila Pharmaceutical Plant**નું ભૂમિ પૂજન પણ કર્યું હતું.
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **અંદિજાન**માં **OPEN ANDIJAN 2019 International Investment Forum**માં ઉદ્યોગ અગ્રણીઓને સંબોધન પણ કર્યું હતું.
- તેમના આ પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાનની રાજધાની **તાશ્કંદ** ખાતે મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતી નિમિત્તે ભારતીય રાજદૂતાવાસ દ્વારા આયોજિત **મહાત્મા ગાંધી જીવન કવન પ્રદર્શનનું** ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના આ પ્રવાસ દરમિયાન ઉઝબેકિસ્તાનમાં **શારદા યુનિવર્સિટી**ના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.
- શારદા યુનિવર્સિટીએ ભારતના **શારદા ગ્રૂપ** દ્વારા નિર્માણ પામેલી ઉઝબેકિસ્તાનની **પ્રથમ સ્વતંત્ર ખાનગી યુનિવર્સિટી** છે.
- આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાનમાં ત્યાંના રાષ્ટ્રપતિ **શ્રી શવકત મિરઝીયોયેવ** સાથે મંત્રણા પણ કરી હતી.

**નોંધ :** ઉઝબેકિસ્તાનનું ચલણ **'Uzbek Som'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી દિલીપ પરીખનું નિધન



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી **શ્રી દિલીપભાઈ પરીખનું** તાજેતરમાં **અમદાવાદ** ખાતે 81 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી દિલીપ પરીખનો જન્મ 1937માં **મુંબઈ** ખાતે થયો હતો.
- તેમણે ગુજરાતમાં **28 ઓક્ટોબર 1997થી 4 માર્ચ 1998** દરમિયાન 128 દિવસ માટે ગુજરાતના **13મા મુખ્યમંત્રી** તરીકે સેવા આપી હતી.
- આ સમયે તેઓ શ્રી શંકરસિંહ વાઘેલાએ શરૂ કરેલા '**રાષ્ટ્રીય જનતા પાર્ટી**'ના નેતા તરીકે ગુજરાતના મુખ્યમંત્રી હતા.
- જોકે, શ્રી દિલીપ પરીખે તેમની રાજકીય કારકિર્દીનો પ્રારંભ **1990**માં **ભારતીય જનતા પાર્ટી**થી કર્યો હતો.
- ભાજપાના ઉમેદવાર તરીકે તેઓ 1990 અને 1995માં સતત બે વખત **ધંધૂકા** વિધાનસભા બેઠક પરથી ગુજરાતના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.
- ત્યારબાદ તેમણે 1995-97 દરમિયાન ગુજરાત સરકારમાં **ઉદ્યોગમંત્રી** તરીકે પણ સેવા આપી હતી.

**નોંધ :** શ્રી દિલીપભાઈ પરીખનું પૂરું નામ **શ્રી દિલીપભાઈ રમણભાઈ પરીખ** છે.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ભારતમાં કયા સમયગાળા દરમિયાન 'સતર્કતા જાગૃતિ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી ?<br>(A) 28 ઓક્ટોબરથી 2 નવેમ્બર (B) 29 ઓક્ટોબરથી 3 નવેમ્બર<br>(C) 30 ઓક્ટોબરથી 4 નવેમ્બર (D) 31 ઓક્ટોબરથી 5 નવેમ્બર | (A) |
| 2. | વર્ષ 2019ની 'સતર્કતા જાગૃતિ સપ્તાહ'ની થીમ શું છે ?<br>(A) સમર્પણ - એક જીવન શૈલી (B) સેવા - એક જીવન શૈલી<br>(C) ઈમાનદારી - એક જીવન શૈલી (D) કર્તવ્ય - એક જીવન શૈલી | (C) |
| 3. | તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાનના કયા શહેરમાં શ્રી સરદાર પટેલ સ્ટ્રીટનું નામકરણ અને શ્રી સરદાર પટેલની અર્ધપ્રતિમાનું અનાવરણ કર્યું હતું ?<br>(A) તાશ્કંદ (B) અંદિજાન (C) સમરકંદ (D) બુખારા | (B) |
| 4. | ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ઉઝબેકિસ્તાનના કયા શહેરમાં મહાત્મા ગાંધી જીવન કવન પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું ?<br>(A) તાશ્કંદ (B) અંદિજાન (C) સમરકંદ (D) બુખારા | (A) |
| 5. | ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ઉઝબેકિસ્તાનમાં કઈ યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું હતું ?<br>(A) શ્રી સરદાર પટેલ (B) વિવેકાનંદ (C) શારદા (D) શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા | (C) |
| 6. | મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ઉઝબેકિસ્તાનમાં કઈ ફાર્મા કંપનીના નવા પ્લાન્ટનું ભૂમિ પૂજન કર્યું હતું ?<br>(A) Lupin (B) CIPLA (C) Mankind (D) Cadila | (D) |
| 7. | ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી દિલીપભાઈ પરીખનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?<br>(A) અમદાવાદ (B) મુંબઈ (C) સુરત (D) ભાવનગર | (B) |
| 8. | શ્રી દિલીપભાઈ પરીખ ગુજરાતના કેટલામા મુખ્યમંત્રી હતા ?<br>(A) 10મા (B) 11મા (C) 12મા (D) 13મા | (D) |
| 9. | શ્રી દિલીપભાઈ પરીખ જ્યારે ગુજરાતના 13મા મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓ ગુજરાતની કઈ વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય હતા ?<br>(A) સાણંદ (B) ધોળકા (C) ધંધૂકા (D) વિરમગામ | (C) |
| 10. | શ્રી દિલીપભાઈ પરીખે ગુજરાત સરકારમાં કયા મંત્રી પદે સેવા આપી હતી ?<br>(A) કૃષિ (B) ઉદ્યોગ (C) નાણાં (D) ગ્રામિણ વિકાસ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 30 OCTOBER, 2019 WEDNESDAY

### ➢ દિવસ મહિમા : 30 ઓક્ટોબર, વિશ્વ બચત દિવસ

**નોંધ :** ભારતમાં 'વિશ્વ બચત દિવસ' 30 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. જ્યારે વિશ્વના અન્ય દેશોમાં તે 31 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

### ➢ હરિયાણાના મુખ્યમંત્રી તરીકે શ્રી મનોહરલાલ ખટ્ટરના ફરીથી શપથ



ભારતીય જનતા પાર્ટીના નેતા **શ્રી મનોહરલાલ ખટ્ટરે** તાજેતરમાં **હરિયાણાના 10મા મુખ્યમંત્રી** તરીકે **બીજી વખત** શપથ લીધા છે.

- ચંદિગઢના રાજભવનમાં યોજાયેલા સમારોહમાં શ્રી મનોહરલાલ ખટ્ટરને હરિયાણાના રાજ્યપાલ **શ્રી સત્યદેવ નારાયણ આર્યએ** આ શપથ અપાવ્યા હતા.
- જ્યારે હરિયાણાના નાયબ મુખ્યમંત્રી પદે **જનનાયક જનતા પાર્ટી (JJP)**ના **શ્રી દુષ્યંત ચૌટાલાએ** શપથ ગ્રહણ કર્યા છે.
- તાજેતરમાં હરિયાણામાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કોઈ એક પક્ષને પૂર્ણ બહુમતી મળી ન હતી.
- આથી, **જનનાયક જનતા પાર્ટી (JJP)**ના સમર્થનથી **ભારતીય જનતા પાર્ટી (BJP)**એ હરિયાણામાં નવી સરકારની રચના કરી છે.
- પરિણામે **હરિયાણા**માં **BJP-JJP**ના ગઠબંધન વાળી નવી સરકાર અસ્તિત્વમાં આવી છે.
- જેમાંથી BJPના શ્રી મનોહરલાલ ખટ્ટર આ સરકારના મુખ્યમંત્રી બન્યા છે અને JJPના નેતા શ્રી દુષ્યંત ચૌટાલાને હરિયાણાના નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.

#### શપથવિધિ

શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના **ત્રીજા પરિશિષ્ઠ** અનુસાર **હોદ્દો અને ગુપ્તતા**ના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'**ના નામે લેવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ 15 ટકા મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

(2) ભારતીય બંધારણના **અનુચ્છેદ-163** અનુસાર રાજ્યને મદદ કરવા તથા સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ-164** અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણમાં નાયબ મુખ્યમંત્રી પદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માત્ર વહીવટી સરળતા માટે જ રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીનું પદ હોય છે.

(5) ભારતમાં 30 ઓક્ટોબર 2019ની સ્થિતિએ હાલ **આંધ્રપ્રદેશ**માં સૌથી વધુ **5 નાયબ મુખ્યમંત્રી** હોદ્દા પર કાર્યરત છે.

(6) **આંધ્રપ્રદેશ** બાદ બીજા ક્રમે **કર્ણાટક**માં **ત્રણ** નાયબ મુખ્યમંત્રી પદ પર છે.

(7) અને **આંધ્રપ્રદેશ** અને **કર્ણાટક** બાદ ત્રીજા ક્રમે **ગોવા અને ઉત્તરપ્રદેશ**માં **બે-બે** નાયબ મુખ્યમંત્રી કાર્યરત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં હાલ કાર્યરત સૌથી વધુ નાયબ મુખ્યમંત્રી

| ક્રમ | રાજ્ય | કાર્યરત નાયબ મુખ્યમંત્રીની સંખ્યા |
|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | 5 |
| 2 | કર્ણાટક | 3 |
| 3 | ગોવા, ઉત્તરપ્રદેશ | 2 |
| 4 | હરિયાણા, અરૂણાચલ પ્રદેશ, બિહાર, દિલ્હી, ગુજરાત, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, રાજસ્થાન, તમિલનાડુ, ત્રિપુરા | 1 |

## ICE Questions

1. ભારતમાં 'વિશ્વ બચત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 ઓક્ટોબર (B) 29 ઓક્ટોબર (C) 30 ઓક્ટોબર (D) 31 ઓક્ટોબર **(C)**

2. તાજેતરમાં શ્રી મનોહરલાલ ખટ્ટર કેટલામી વખત હરિયાણાના મુખ્યમંત્રી બન્યા છે ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(B)**

3. તાજેતરમાં શ્રી મનોહરલાલ ખટ્ટરને હરિયાણાના મુખ્યમંત્રી તરીકે કોણે શપથ અપાવ્યા છે ?
(A) ડો. બી.ડી. મિશ્રા (B) શ્રી કલરાજ મિશ્રા
(C) શ્રી જગદીપ ધનખર (D) શ્રી સત્યદેવ નારાયણ આર્ય **(D)**

4. તાજેતરમાં હરિયાણાના નાયબ મુખ્યમંત્રી પદે કોણે શપથ લીધા છે ?
(A) શ્રી દુષ્યંત ચૌટાલા (B) શ્રી દુષ્યંત પારેખ
(C) શ્રી દુષ્યંત ચૌહાણ (D) શ્રી દુષ્યંત શર્મા **(A)**

5. તાજેતરમાં હરિયાણામાં કયા ગઠબંધન વાળી સરકાર અસ્તિત્વમાં આવી છે ?
(A) BJP - CJP (B) BJP - JJP (C) BJP - AJP (D) BJP - GJP **(B)**

6. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ પાંચ નાયબ મુખ્યમંત્રી કાર્યરત છે ?
(A) તેલંગાણા (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) કેરળ **(C)**

7. તાજેતરમાં ભારતના કર્ણાટકમાં કેટલા નાયબ મુખ્યમંત્રી કાર્યરત છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) એક પણ નહિ **(C)**

8. તાજેતરમાં ભારતના કયા રાજ્યોમાં બે-બે નાયબ મુખ્યમંત્રી કાર્યરત છે ?
(A) ગોવા અને બિહાર (B) ગોવા અને તમિલનાડુ
(C) ગોવા અને તેલંગાણા (D) ગોવા અને ઉત્તરપ્રદેશ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 31 OCTOBER, 2019 THURSDAY

➤ **દિવસ મહિમા : 31 ઓક્ટોબર,**
(1) **રાષ્ટ્રીય એકતા દિવસ**
(2) **વિશ્વ બચત દિવસ (World Savings Day)**
(3) **વિશ્વ શહેર દિવસ (World Cities Day)**
(4) **શ્રી સરદાર પટેલ જન્મદિન**
(5) **શ્રીમતી ઈન્દિરા ગાંધી પુણ્યતિથિ**

### રાષ્ટ્રીય એકતા દિવસ

ભારતમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર **'રાષ્ટ્રીય એકતા દિન'** તરીકે ઉજવાય છે.


- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2014માં **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા કરવામાં આવ્યો હતો.
- 31 ઓક્ટોબર 2019ના રોજ શ્રી સરદાર પટેલના **144મા જન્મદિન** નિમિત્તે ભારતમાં અનેક સ્થળોએ **'રન ફોર યુનિટી'**, **'રાષ્ટ્રીય એકતા શપથ'** અને **'રાષ્ટ્રીય એકતા પરેડ'** જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં **'રન ફોર યુનિટી'**એ **'એક ભારત શ્રેષ્ઠ ભારત'**ના લક્ષ્યનું પ્રતીક છે.

### રાષ્ટ્રીય એકતા દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

31 ઓક્ટોબર, 2019ના રોજ ભારતમાં ગુજરાતના **સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા કોલોની** ખાતે **'રાષ્ટ્રીય એકતા દિવસ'**ની **રાષ્ટ્રકક્ષાની ઉજવણી** કરવામાં આવી હતી.

- આ પ્રસંગે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શ્રી સરદાર સાહેબની ચરણ વંદના કરી હતી.
- આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દેશના જુદા જુદા **48** જેટલા સુરક્ષા દળોએ શિસ્ત અને સાહસસભર **'રાષ્ટ્રીય એકતા પરેડ'** રજૂ કરી હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીને **'રાષ્ટ્રીય એકતાના શપથ'** પણ લેવડાવ્યા હતા.
- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **જમ્મુ કાશ્મીર તથા લદાખના સરકારી કર્મચારીઓ**ને આજથી જ એટલે કે **31 ઓક્ટોબર 2019**થી જ અન્ય કેન્દ્ર શાસિત પ્રદેશોની જેમ **સાતમા પગાર પંચના લાભો** મળતા થઈ જશે તેવી જાહેરાત પણ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ગુજરાતમાં ઉજવણી

31 ઓક્ટોબર 2019ના રોજ ગુજરાતમાં કેવડિયા ખાતે થયેલા 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના રાષ્ટ્રકક્ષાની મુખ્ય ઉજવણીના કાર્યક્રમ ઉપરાંત ગુજરાતના **તમામ જિલ્લા મથકો**એ પણ આ દિવસે 'રન ફોર યુનિટી', 'રાષ્ટ્રીય એકતા શપથ' અને 'રાષ્ટ્રીય એકતા પરેડ'નું આયોજન થયું હતું.

- આ અંતર્ગત 31 ઓક્ટોબર 2019ના રોજ સવારે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **અમદાવાદ**માં આવેલા **જે.ડી. નગરવાલા પોલીસ સ્ટેડિયમ શાહીબાગ** ખાતેથી **'રન ફોર યુનિટી' (એકતા દોડ)**નો પ્રારંભ કરાવ્યો હતો.
- અને અહીં ઉપસ્થિત જનમેદનીને તેમણે **'રાષ્ટ્રીય એકતાના શપથ'** પણ લેવડાવ્યા હતા.
- આ ઉપરાંત 31 ઓક્ટોબર 2019ના રોજ સાંજે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **અમદાવાદ**માં આવેલા **સરદાર પટેલ સ્ટેડિયમ**માં અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત **'માર્ચ પાસ્ટ'** અથવા તો **'રાષ્ટ્રીય એકતા પરેડ'**ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન પણ કરાવ્યું હતું.

## IAS પ્રોબેસનર્સ ટ્રેઈનિંગ પ્રોગ્રામ

તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન ગુજરાતમાં **સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ટેન્ટ સિટી** ખાતે **IAS/IPS/IRS/IFS પ્રોબેસનર્સ** માટે ૭ દિવસીય **ટ્રેઈનિંગ પ્રોગ્રામ**નું આયોજન થયું હતું.

- જેમાં 31 ઓક્ટોબર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને સંબોધન પણ કર્યું હતું.

**નોંધ :** 31 ઓક્ટોબર 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **કેવડિયા** ખાતે નવનિર્મિત **ટેક્નોલોજી ડેમોસ્ટ્રેશન સાઈટ** (ટેક્નોલોજી પ્રદર્શન સ્થળ)નું પણ ઉદ્દ્ઘાટન કર્યું હતું. જેમાં અનેક ઘાતક હથિયારો સહિત આધુનિક ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'

ગુજરાતના નર્મદા જિલ્લામાં સરદાર સરોવર ડેમ પાસે નિર્માણ પામેલી શ્રી સરદાર સાહેબની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નામની પ્રતિમાની મુખ્ય વિશેષતા એ છે કે આ પ્રતિમા **વિશ્વની સૌથી ઊંચી** પ્રતિમા છે.

- તેની ઊંચાઈ **182 મીટર** અથવા તો **597.113 ફૂટ** છે.જે ગુજરાતની 182 વિધાનસભા બેઠકોને પ્રદર્શિત કરે છે.
- કુલ **182 મીટર** ઊંચાઈની આ પ્રતિમામાં **25 મીટર** ઊંચાઈની એક પીઠિકા બનાવવામાં આવી છે. અને આ પીઠિકા પર શ્રી સરદાર સાહેબની **157 મીટર ઊંચી પ્રતિમા** બનાવવામાં આવી છે.

**વિશ્વની કેટલીક પ્રસિદ્ધ પ્રતિમાઓની અંદાજિત ઊંચાઈ**

| ક્રમ | નામ | દેશ | ઊંચાઈ (મીટરમાં) |
|---|---|---|---|
| 1 | સ્ટેચ્યુ ઓફ યુનિટી | ભારત | 182 |
| 2 | સ્પ્રિંગ ટેમ્પલ | ચીન | 153 |
| 3 | લેક્યૂન સેટક્યાર | મ્યાનમાર | 116 |
| 4 | ઉશિકુ દાયબુત્સુ | જાપાન | 110 |
| 5 | સ્ટેચ્યુ ઓફ લિબર્ટી | અમેરિકા | 97 |
| 6 | ધી ગ્રેટ બુદ્ધા | થાઈલેન્ડ | 91 |
| 7 | ધ મધરલેન્ડ કોલ્સ | રશિયા | 87 |

**નોંધ :** (1) સ્ટેચ્યુ ઓફ યુનિટી અમેરિકાના ન્યુયોર્કની સ્ટેચ્યુ ઓફ લિબર્ટીથી લગભગ બમણી ઊંચાઈ ધરાવે છે.

(2) સ્ટેચ્યુ ઓફ યુનિટી બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે આવેલી ધ સ્ટેચ્યુ ઓફ ક્રાઈસ્ટ ધ રેડીમર કરતાં પાંચ ગણી વધુ ઊંચી છે.

(3) સરદાર સરોવર બંધ કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ લગભગ દોઢ ગણી છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સ્થળ

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ વિંધ્યાચલ અને સાતપૂડાની ગિરિમાળા વચ્ચે સરદાર સરોવર બંધથી 3.2 કિ.મી. દૂર નર્મદા નદીની મધ્યમાં સાધુ બેટ પર કરવામાં આવ્યું છે.

- આ સ્થળ ગુજરાતમાં નર્મદા જિલ્લાના અગાઉના નાંદોદ અને હવે નવ રચિત ગરુડેશ્વર તાલુકાના કેવડિયા અથવા તો કેવડિયા કોલોની કે પછી ગરુડેશ્વર ગામ પાસે આવેલું છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની જાહેરાત સૌપ્રથમ 7 ઓક્ટોબર, 2010ના રોજ થઈ હતી.

- ત્યારબાદ 31 ઓક્ટોબર, 2013ને 138મી શ્રી સરદાર જયંતીના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ અને એના બાંધકામના પ્રચાર માટે ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર, 2013 દરમિયાન 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET)ની રચના કરવામાં આવી હતી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે પ્રારંભિક રૂા. 3,001 કરોડનો ખર્ચ થવાનો અંદાજ હતો.
- આ સ્ટેચ્યુના નિર્માણ કાર્યનો વર્ક ઓર્ડર 27 ઓક્ટોબર, 2014ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આશરે રૂા. 2,989 કરોડના ખર્ચે લાર્સન એન્ડ ટુબ્રો (L & T) નામની કંપનીને આપ્યો હતો.
- શ્રી સરદાર સાહેબની આ પ્રતિમાના મુખ્ય ડિઝાઈનર (અથવા તો એન્જિનિયર) શ્રી રામ વાનજી સુથાર નામના શિલ્પકાર હતા.
- શ્રી રામ વી. સુથારનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો. અને તેમને વર્ષ 1999માં પદ્મશ્રી અને 2016માં પદ્મ ભૂષણ પુરસ્કાર તથા વર્ષ 2016નો ટાગોર સાંસ્કૃતિક સમરસતા પુરસ્કાર એનાયત થયા હતા.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બાંધકામ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના બાંધકામ માટે લગભગ 46 મહિનાનો સમય લાગ્યો હતો. 46 મહિનાના આ બાંધકામ સમય સહિત કુલ 5 વર્ષમાં આ સ્ટેચ્યુનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આ સ્મારકના નિર્માણમાં 70 હજાર ટન સિમેન્ટ વાપરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત તેમાં 18,500 ટન રિ-ઈન્ફોર્સમેન્ટ સ્ટીલ અને 6000 ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે.
- જ્યારે આ સ્ટેચ્યુના નિર્માણમાં 1700 મેટ્રીક ટન કાંસાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ વિશિષ્ટ સ્મારકના નિર્માણ માટે 250 ઈજનેરો અને 3700 કારીગરોએ દિવસ-રાત કામ કર્યુ છે.
- સ્ટીલ, કોંક્રીટથી બનેલી આ પ્રતિમા પર કાંસાનું આવરણ છે. કાંસ્ય આવરણથી આ પ્રતિમા વધુ અલૌકિક ભાસે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) પ્રવાસીઓની સરળતા માટે '**સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET)** દ્વારા **ઓનલાઈન ટિકિટ બુકિંગ** માટે **www.soutickets.in** નામની એક વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી છે.

(2) હાલ જે સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ થયું છે તે સ્થળ ભારતની આઝાદી અગાઉ **'રાજપીપળા સ્ટેટ'**નો એક ભાગ હતો.

(3) આઝાદી બાદ સત્તાવાર રીતે 10 જૂન, 1948ના રોજ રાજપીપળા સ્ટેટનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું હતું.

(4) એ સમયે **'રાજપીપળા સ્ટેટ'**ના શાસક **શ્રી વિજયસિંહજી** હતા. શ્રી વિજયસિંહજી, ગોહિલ વંશના 37મા રાજવી હતા.

(5) સ્ટેચ્યુ ઓફ યુનિટીની **પાયા સાથેની ઊંચાઈ 240 મીટર** એટલે કે લગભગ **790 ફૂટ** છે.

(6) સ્ટેચ્યુ ઓફ યુનિટીની વેબસાઈટનું નામ **'www.statueofunity.in'** છે.

(7) આ પ્રતિમા **ભૂકંપના ઝોન-3**માં આવેલી છે. તેમ છતાં પ્રતિમાના કદને ધ્યાનમાં રાખીને તેની ડિઝાઈન **ભૂકંપના ઝોન-4** પ્રમાણે બનાવવામાં આવી છે.

# શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

## જન્મ અને પરિવાર



ICE INSTITUTE FOR COMPET

**અખંડ ભારતના શિલ્પી**, **ભારતના બિસ્માર્ક**, **લોખંડી પુરુષ** તથા **ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન** શ્રી વલ્લભભાઈ પટેલનો જન્મ **31 ઓક્ટોબર, 1875**ના રોજ તેમના મોસાળ **નડિયાદ**માં થયો હતો.

- જોકે તેમની સાચી જન્મ તારીખ વિશે કોઈ નક્કર માહિતી ઉપલબ્ધ નથી, પણ **મેટ્રિકની પરીક્ષામાં** તેમણે તેમની જન્મતારીખ **31 ઓક્ટોબર** લખાવી હતી. આથી તેમની જન્મ તારીખ 31 ઓક્ટોબર હોવાનું માનવામાં આવે છે.
- શ્રી સરદાર પટેલનો જન્મ **ખેડા** જિલ્લાના **નડિયાદ** ખાતે થયો હતો, જ્યારે તેમનું વતન **ખેડા** જિલ્લાના **આણંદ** તાલુકાનું **કરમસદ** ગામ હતું.
- તેમના **પિતાશ્રી**નું નામ **શ્રી ઝવેરભાઈ** હતું અને તેમના **માતા**નું નામ **લાડબાઈ** હતું.
- શ્રી સરદાર પટેલ તેમના માતા–પિતાના **ચોથા** સંતાન હતા.
- શ્રી ઝવેરભાઈ પટેલ અને લાડબાઈને છ સંતાનો હતા. તેમના આ છ સંતાનોના નામ આ પ્રમાણે છે : (1) શ્રી સોમાભાઈ (2) શ્રી નરસિંહભાઈ (3) શ્રી વિઠ્ઠલભાઈ (4) શ્રી વલ્લભભાઈ (5) શ્રી કાશીભાઈ અને (6) ડાહીબા.
- શ્રી સરદાર પટેલના **પત્ની**નું નામ **ઝવેરબા** હતું.
- તેમના **પુત્રી**નું નામ **મણિબેન** અને **પુત્ર**નું નામ **શ્રી ડાહ્યાભાઈ** હતું. તેમજ તેમના **પૌત્ર**નું નામ **ગૌતમ** હતું.

**નોંધ :** શ્રી સરદાર પટેલના પિતા **શ્રી ઝવેરભાઈ પટેલ 1887**ના વિપ્લવમાં **ઝાંસીની રાણી**ના લશ્કરમાં જોડાઈને અંગ્રેજો સામે લડ્યા હતા.

## અભ્યાસ

શ્રી વલ્લભભાઈ પટેલનો **સાત ધોરણ** સુધીનો અભ્યાસ **કરમસદ**ની **ગુજરાતી પ્રાથમિક શાળા**માં જ થયો હતો.

- તેમના અભ્યાસની શરૂઆત **ઈ.સ. 1882**માં **સાતેક વર્ષ**ની ઉંમરે થઈ હતી.
- તેમણે **ઈ.સ. 1888**માં **સાતમું ધોરણ પાસ કર્યું** હતું.
- ત્યારબાદ **અંગ્રેજી શિક્ષણ** મેળવવા માટે તેમણે **પેટલાદ**ની સ્કૂલમાં એડમિશન લીધું હતું.
- તેમણે **ધોરણ ચાર** સુધીનું **અંગ્રેજી શિક્ષણ પેટલાદ**માં લીધું હતું.
- જ્યારે તેઓ અંગ્રેજીના **ચોથા ધોરણ**માં હતા ત્યારે **ઝવેરબા** સાથે તેમના **લગ્ન** થયા હતા. એ સમયે તેમની ઉંમર **18 વર્ષ**ની હતી.
- ત્યારબાદ અંગ્રેજીના **પાંચમા ધોરણ**ના અભ્યાસ માટે તેઓ **નડિયાદ** આવે છે. જયાં **નડિયાદ**ની સ્કૂલમાં તેમણે **હડતાલ** પણ કરાવી હતી.
- ત્યારબાદ **અંગ્રેજી**ના **છઠ્ઠા ધોરણ**ના અભ્યાસ માટે તેઓ **વડોદરા** આવ્યા. અંગ્રેજીના **છઠ્ઠા ધોરણ**માં તેમણે પહેલાં **સંસ્કૃત** વિષય પસંદ કરેલો અને પાછળથી તેમણે **ગુજરાતી** વિષય રાખ્યો હતો.એ સમયે તેમના **ગુજરાતી**ના શિક્ષક **શ્રી છોટાલાલ માસ્તર** હતા.
- **શ્રી છોટાલાલ માસ્તરે** શ્રી વલ્લભભાઈ પટેલને શિક્ષા રૂપે **200 પાડા** લખવા આપ્યા હતા. અને શ્રી છોટાલાલ માસ્તરે 200 પાડા માંગ્યા તો શ્રી સરદાર પટેલે જવાબ આપ્યો કે,

  "હું બસ્સો પાડા લાવેલો પણ બે પાડા મારકણા હતા
  તે શાળાના ઝાંપે ઝઘડયા અને એમાં બાકીના પાડા પણ નાસી ગયા !!!

- આથી, શ્રી છોટાલાલ માસ્તરે શ્રી વલ્લભભાઈ પટેલને એક દિવસ પછી બસ્સો પાડા લખી લાવવા ચેતવણી આપી.
- બીજે દિવસે શ્રી વલ્લભભાઈ એક કાગળમાં **'બસ્સો પાડા'** એવું લખીને ગયા. આથી શ્રી છોટાલાલ માસ્તર ગુસ્સે થયા અને શ્રી વલ્લભભાઈને આચાર્ય સાહેબ સમક્ષ પેશ કર્યા.
- શ્રી વલ્લભભાઈ પટેલે ઘટનાની અસરકારક રજૂઆત કરી અને તેઓ નિર્દોષ હોવાથી આચાર્ય સાહેબે તેમને 'બાઈજ્જત રિહા કરી દીધા. વડોદરામાં તેઓ **'ધી થર્ટી ફાઈવ'** નામના વિદ્યાર્થીઓના એક ગ્રૂપના સભ્ય પણ હતા. અને તેઓ **વડોદરા**માં **કમાટીબાગ**ના **રામજી મંદિર**માં છાત્રાલય ખોલીને રહેતા હતા.
- શ્રી વલ્લભભાઈ **અંગ્રેજી**ના **સાતમા ધોરણ**ના અભ્યાસ માટે **વડોદરા**ની શાળા છોડીને ફરીથી **નડિયાદ**ની શાળામાં સાતમા ધોરણમાં દાખલ થયા.
- તેઓ **ગણિત**માં કાચા હોવાથી પ્રથમ પ્રયાસે મેટ્રિકની પરીક્ષા પાસ ન કરી શકયા. ત્યારબાદ **1897**માં **બીજા પ્રયત્ને** તેમણે **મેટ્રિકની પરીક્ષા પાસ કરી**, એ સમયે તેમની ઉંમર **22 વર્ષ**ની હતી.
- ત્યારબાદ તેમણે **ઈ.સ. 1900**માં **ડિસ્ટ્રિક્ટ પ્લીડર**ની પરીક્ષા આપી અને તેમણે **પ્રથમ પ્રયત્ને** એ પરીક્ષા પાસ કરી.
- આ પરીક્ષા પાસ કર્યા બાદ તેમણે **ગોધરા**માં વકીલાત અને ઘરસંસારની શરૂઆત કરી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વકીલાત અને બેરિસ્ટર તરીકેની કારકિર્દી

શ્રી વલ્લભભાઈ પટેલે **વકીલાત** તરીકેની કારકિર્દીનો પ્રારંભ **ગોધરા**થી કર્યો હતો. અને ગોધરાના **બાર (વકીલ મંડળ)**માં નામ નોંધાવ્યું હતું.

- આ સમયે ગોધરામાં **બ્યુબોનિક પ્લેગ**નો રોગચાળો ફાટી નીકળ્યો હતો. ત્યારે આ રોગથી ગ્રસ્ત મિત્રની સેવા કરતા શ્રી સરદાર પટેલ પોતે પણ આ રોગનો ભોગ બન્યા હતા.
- **ગોધરા** બાદ શ્રી સરદાર પટેલે **ઈ.સ. 1902**માં **બોરસદ**માં આવીને વકીલાતનો પ્રારંભ કર્યો, જયાં તેમણે ખેડા જિલ્લાના **નામાંકિત વકીલ** તરીકેની નામના મેળવી હતી.
- ગોધરા અને બોરસદ ઉપરાંત શ્રી સરદાર પટેલે આણંદમાં પણ વકીલાત કરી હતી.
- અને વકીલાત કરીને જ્યારે તેમણે ઈંગ્લેન્ડ જઈને ભણવા જેટલા પૈસા ભેગા કરી લીધા ત્યારે તેમણે ત્યાં જવા માટે પરવાનો તેમજ ટિકિટ બુક કરાવી.
- આ ટિકિટ **વી. જે. પટેલ**ના સંક્ષિપ્ત નામે તેમના મોટાભાઈ **વિઠ્ઠલભાઈ પટેલ**ને ત્યાં આવી.
- શ્રી વિઠ્ઠલભાઈની પણ ઈંગ્લેન્ડ જઈ ભણવાની યોજના હતી. અને તેથી તેમણે પોતાની યોજનાની જાણ કરી. આથી, શ્રી વલ્લભભાઈએ તેમના મોટા ભાઈને તેમની જગ્યાએ જવા દીધા. અને તેમનો ઈંગ્લેન્ડ ખાતેનો ખર્ચ પણ ઉપાડયો અને પોતાના ધ્યેય માટે બચત કરવા માંડી.
- **1909**માં શ્રી વલ્લભભાઈના **પત્ની**ને **કેન્સર**ના ઈલાજ માટે **મુંબઈ**ની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જયાં તેમનું નિધન થયું હતું.
- શ્રી વલ્લભભાઈ પટેલને જ્યારે આ સમાચારની જાણ કરવામાં આવી ત્યારે તેઓ એક પ્રતિષ્ઠિત વ્યક્તિને ખૂન કેસમાંથી બચાવવા માટે આણંદની કોર્ટમાં કેસ લડી રહયા હતા. આ સમાચાર મળવા છતાં તેમણે કેસ લડવાનું ચાલુ રાખ્યું અને કેસ પૂરો થયા બાદ તેમણે આ સમાચારની જાણ અન્ય વ્યક્તિઓને કરી.
- તેઓ માત્ર **33 વર્ષ**ની ઉંમરે વિધુર થયા હતા. આથી તેમને બીજા લગ્ન કરવા માટે મિત્રો દ્વારા સતત આગ્રહ થતો. પરંતુ તેઓ સંતાનોને સાવકી મા આપવા માગતા ન હતા. આથી તેમણે બીજી વખત લગ્ન ન કર્યા.
- ત્યારબાદ **ઈ.સ. 1910**માં પુત્રી મણિબહેન અને પુત્ર ડાહયાભાઈને **મુંબઈ**ની **સેન્ટ મેરિઝ સ્કૂલ**માં **મિસ વિલ્સન**ને ત્યાં **'બોર્ડર'** છાત્રા તરીકે મૂકી તેઓ વિલાયત ગયા.
- અને **1913** સુધીમાં **ઇંગ્લેન્ડ**માં **બેરીસ્ટર**નો અભ્યાસ પૂર્ણ કરીને ભારત પાછા ફર્યા.
- તેમણે બેરિસ્ટર બનવા માટે **ઈંગ્લેન્ડ**માં **લંડન**ની **'મિડલ ટેમ્પલ ઈન્ન'**માં એડમિશન લીધું હતું.
- ત્યાં તેમણે **36 મહિના**નો અભ્યાસક્રમ **30 મહિના**માં પૂરો કર્યો અને વર્ગમાં **પ્રથમ** સ્થાને આવ્યા. આ માટે તેમને **50 પાઉન્ડ**નું ઈનામ મળ્યું અને બે ટર્મની માફી મળી.
- ભારત પાછા આવી તેઓ **અમદાવાદ**માં સ્થાયી થયા અને શહેરના એક **નામાંકિત બેરિસ્ટર** બન્યા.
- તેઓ **બ્રિજ** રમતના **માહેર ખેલાડી** પણ થયા.
- **ઈ.સ. 1918**માં ગાંધીજી સાથે ખેડા સત્યાગ્રહમાં જોડાયા બાદ તેઓ વકીલાતનો વ્યવસાય બંધ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમદાવાદ સુધરાઈના સભ્ય

અમદાવાદના સુધરાઈના સભ્ય **શ્રી અહમદમિંયાસર્ફૂદીન**નું અવસાન થતાં આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં **1917**માં **શ્રી સરદાર પટેલ** અમદાવાદ શહેરના સ્વચ્છતા વિભાગના અધિકારી તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## આઝાદીની લડતમાં

મહાત્મા ગાંધીજીએ જ્યારે **ચંપારણ વિસ્તાર**ના શોષિત ખેડૂતો માટે બ્રિટિશ સામ્રાજ્યની અવમાન્યા કરી ત્યારથી શ્રી વલ્લભભાઈ પટેલ તેમનાથી પ્રભાવિત થયા હતા.

- તેઓ સૌપ્રથમ **નવેમ્બર 1917**માં **ગોધરા**માં આયોજિત **ગુજરાત રાજનૈતિક મહાસભા**માં ગાંધીજીને મળ્યા હતા.
- ત્યારબાદ ગાંધીજીના કહેવાથી તેઓ **'ગુજરાત સભા'**ના સચિવ બન્યા.
- આગળ જઈને આ 'ગુજરાત સભા'નું ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની ગુજરાતની શાખામાં પરિવર્તન થયું.

## ખેડા સત્યાગ્રહ

**1918**માં ખેડા જિલ્લાના ખેડૂતોને કરમાંથી મુક્તિ અપાવવા માટે થયેલા સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી ચંપારણ સત્યાગ્રહમાં વ્યસ્ત હોવાને કારણે તેમણે આ સત્યાગ્રહમાં જોડાવા શ્રી સરદાર પટેલને આમંત્રણ આપ્યું.

- આ સત્યાગ્રહ શ્રી સરદાર પટેલનો **પ્રથમ** સત્યાગ્રહ હતો.
- જેમાં તેમણે ખેડૂતોને મહેસૂલ ન ભરવાની **પ્રતિજ્ઞા** અપાવી હતી.
- આ સત્યાગ્રહ બાદ શ્રી સરદાર પટેલ ગુજરાતીઓના **નાયક** તરીકે ઉભરી આવ્યા.

## અસહકારની ચળવળ

શ્રી સરદાર પટેલ **1920**માં નવ રચિત **'ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ'**ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા અને **1945** સુધી આ પદ પર રહયા.

- ગાંધીજીની અસહકારની ચળવળમાં શ્રી સરદાર પટેલે સમગ્ર ગુજરાતમાં પ્રવાસ કરી **3 લાખ** સભ્યો ભરતી કર્યા અને તેમણે **રૂા. 15 લાખ**નું ભંડોળ પણ ઉભું કર્યું.
- તેમણે **અમદાવાદ**માં અંગ્રેજી વસ્તુઓની હોળીઓ કરવામાં મદદ કરી અને તેમાં પોતાના અંગ્રેજી શૈલીના બધા કપડા બાળી નાખ્યા.
- અને આ અસહકાર ચળવળ દરમિયાન જ તેમણે પુત્રી મણિબેન તથા પુત્ર ડાહ્યાભાઈ સાથે સંપૂર્ણ ખાદી પહેરવાનું શરૂ કર્યું.

## અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ

શ્રી સરદાર પટેલ **1922**, **1924** અને **1927**માં અમદાવાદ સુધરાઈના **અધ્યક્ષ** તરીકે ચૂંટાયા હતા.

- તેમના કાર્યકાળ દરમિયાન **વીજળી**, **શિક્ષણ** તથા **જળ-કચરાની નિકાસની વ્યવસ્થા**ના મહત્ત્વના કાર્યો થયા.
- **1927**માં **અમદાવાદ** શહેર તથા **ખેડા** જિલ્લામાં અનરાધાર વરસાદને કારણે આવેલા પૂરમાં સહાયતા અભિયાનનું સફળ સંચાલન કર્યું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાગપુર (ઝંડા) સત્યાગ્રહ

**એપ્રિલ 1923**માં **નાગપુર**ના **સિવિલ લાઈન્સ** વિસ્તારમાંથી રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢવા માટે અંગ્રેજ સરકારે મનાઈ ફરમાવી હતી.

- ત્યારે ગાંધીજી જેલમાં હતા અને અંગ્રેજોના ભારતીય ધ્વજ ન ફરકાવવાના આ કાયદા સામે સત્યાગ્રહ કરવાનું નક્કી થયું.
- જેમાં કોંગ્રેસીઓએ શ્રી સરદાર પટેલને નાગપુરમાં સત્યાગ્રહની આગેવાની કરવા કહ્યું.
- અને શ્રી સરદાર પટેલે દેશભરમાંથી હજારો સ્વયં સેવકો એકઠા કરીને ધ્વજવંદનનું આયોજન કર્યું. અને વાટા ઘાટો દ્વારા બંદીઓની મુક્તિ કરાવી તથા રાષ્ટ્રધ્વજ સાથે રાખીને સરઘસ કાઢવાની પરવાનગી પણ મેળવી.

## બોરસદ સત્યાગ્રહ

**ખેડા** જિલ્લામાં **બહારવટિયાઓનો** ત્રાસ દૂર કરવા અંગ્રેજ સરકાર દ્વારા **પોલીસ ટુકડી** રાખવામાં આવી. અને એ પોલીસ ટુકડીનો ખર્ચ **બોરસદ તાલુકા**ની પ્રજા પાસેથી મેળવવા **રૂા. 2,40,074**નો વેરો નાખવામાં આવ્યો.

- અને પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ **રૂા. 2 રૂપિયા અને 7 આનાનો** વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું.
- લોકોએ આ દંડરૂપી વેરાને **‘‘હૈડિયાવેરો’’** એવું નામ આપ્યું.
- અંગ્રેજ સરકારના આ નિર્ણયની સામે સત્યાગ્રહ થયો.
- જેમાં જેલવાસને કારણે ગાંધીજીની ગેરહાજરીમાં શ્રી સરદાર વલ્લભભાઈના સીધા માર્ગદર્શન હેઠળ આ સત્યાગ્રહ **38 દિવસ (તા. 2/12/1923 થી 8/1/1924** સુધી) ચાલ્યો. અને શ્રી સરદાર પટેલે આ વેરો માફ કરાવ્યો.
- આ સત્યાગ્રહના વિજય સંદર્ભે **ગાંધીજીએ** શ્રી સરદાર પટેલને **‘બોરસદના રાજા’** તરીકે બિરદાવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બારડોલી સત્યાગ્રહ

ઈ.સ. **1928**માં મુંબઈ સરકાર દ્વારા **દુષ્કાળ** હોવા છતાં **બારડોલી** તાલુકાના મહેસૂલમાં **22 ટકા**નો જંગી વધારો કરવામાં આવ્યો હતો.

- સરકારના આ અન્યાયી નિર્ણય સામે શ્રી સરદાર પટેલના નેતૃત્વમાં બારડોલી સત્યાગ્રહનું સફળ આયોજન થયું અને તેમાં પ્રજાનો વિજય થયો.
- આ સત્યાગ્રહ બાદ **બારડોલીની મહિલાઓ** તરફથી **ગાંધીજી**એ શ્રી વલ્લભભાઈ પટેલને **‘સરદાર’**નું બિરૂદ આપ્યું અને તેઓ **‘સરદાર’** કહેવાયા.

## રાસ ગામ સત્યાગ્રહ

**ખેડા** જિલ્લાના **બોરસદ** તાલુકાના **રાસ** ગામના **વડ વૃક્ષ** નીચેથી **7 માર્ચ, 1930**ના રોજ દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર પટેલની પ્રથમ વખત ધરપકડ થઈ હતી.

- આ ગામ ‘‘ના કર’’ આંદોલનમાં બ્રિટિશ રાજ સામે ભારતની 1930ની લડતનો આરંભ કરવામાં અગ્રેસર રહ્યું હતું.
- જેમાં અંગ્રેજ સરકારે ગામ લોકોની જમીન પણ કબજે કરી લીધી હતી.
- આથી, શ્રી સરદાર પટેલે ખેડૂતોને વચન આપ્યું હતું કે, ‘‘તમારી જમીન તમારા ઘરનો દરવાજો ખટખટાવતી પાછી આવશે.’’ અને તેમણે આ વચન પાળી બતાવ્યું હતું.

## માણસા સત્યાગ્રહ

**માણસા**માં **1938**માં થયેલા સત્યાગ્રહમાં શ્રી સરદાર પટેલે **રણભૂમિમાં પગ મૂકયા વગર** મુત્સદીગીરીપૂર્વક **રાજાશાહી રાજ્ય**માં મહેસૂલી કર માફ કરાવ્યો હતો.

- અહીં શ્રી સરદાર પટેલે ખેડૂતોની દોરવણી માટે **''ખેડૂત સભા''**ની રચના કરી હતી.

## કોંગ્રેસનું નેતૃત્વ

શ્રી સરદાર પટેલ **1931**માં કોંગ્રેસના **કરાંચી** અધિવેશનના પ્રમુખ હતા.

- આ અધિવેશનમાં કોંગ્રેસે નીચેના મુદ્દાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને સમજૂતીને બહાલી આપી હતી :
  (1) મૂળભૂત હક્કો અને માનવીય સ્વતંત્રતાઓ (2) બિનસાંપ્રદાયિક દેશ માટેની કલ્પના
  (3) ન્યૂનત્તમ વેતનની બહાલી (4) અસ્પૃશ્યતા તથા ખેતગુલામી નાબૂદ કરવી.
- ત્યારબાદ શ્રી સરદાર પટેલે **1934** અને **1937**માં અખિલ ભારતીય ચૂંટણી માટેના **કોંગ્રેસી પ્રચાર**નું નેતૃત્વ કર્યું હતું.

## ગાંધીજી સાથે યરવાડા જેલમાં

**જાન્યુઆરી 1932**માં શ્રી સરદાર પટેલ અને મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી અને તેમને **યરવાડા જેલ**માં રાખવામાં આવ્યા.

- યરવાડા જેલમાં ગાંધીજીએ શ્રી સરદાર પટેલને **સંસ્કૃત ભાષા** શીખવી હતી.
- પછીથી શ્રી સરદાર પટેલને **નાસિક** જેલમાં ખસેડવામાં આવ્યા હતા.
- અને તેઓ જ્યારે **નાસિક** જેલમાં હતા ત્યારે 1934માં તેમના મોટાભાઈ શ્રી વિઠ્ઠલભાઈના દેહાંત બાદ તેમની અંતિમ ક્રિયામાં ભાગ લેવા બ્રિટિશ સરકારે તેમને થોડા દિવસો માટે મુક્ત કરવાની તૈયારી બતાવી હતી તેમ છતાં તેમણે તે સ્વીકારી ન હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત છોડો આંદોલન

ભારત છોડો આંદોલન સમયે શ્રી સરદાર પટેલ **ખુલ્લા બળવા**ની તરફેણમાં હતા.

- અને ગાંધીજીએ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ ઉપર આ બળવાને સ્વીકૃતિ આપવા દબાણ કર્યું કે જેને પરિણામે સમિતિએ **7 ઓગસ્ટ, 1942**ના રોજ અસહકાર ચળવળને મંજૂરી આપી હતી.
- **7 ઓગસ્ટ, 1942**ના રોજ શ્રી સરદાર પટેલે **મુંબઈ**ના **ગોવાળિયા ટેન્ક મેદાન**માં 1 લાખ લોકો સમક્ષ કરેલું ભાષણ ભારતમાં **'હિંદ છોડો ચળવળ'** માટે પ્રેરણા સ્ત્રોત બની રહ્યું હતું.
- ત્યારબાદ **9 ઓગસ્ટ, 1942**ના રોજ **શ્રી સરદાર પટેલ** સહિત **સંપૂર્ણ કોંગ્રેસ કાર્યકારી સમિતિ**ની ધરપકડ કરવામાં આવી અને **15 જૂન, 1945** સુધી તેમને **અહમદનગર કિલ્લાના કારાવાસ**માં બંદી તરીકે રાખવામાં આવ્યા.
- **15 જૂન, 1945**ના રોજ શ્રી સરદાર પટેલને જ્યારે જેલમુક્ત કરવામાં આવ્યા ત્યારે તેમણે જાણ્યું કે, અંગ્રેજો ભારઢ તીયોને સત્તા સોંપવાના પ્રસ્તાવ ઉપર કામ કરી રહયા હતા.

## વડાપ્રધાન પદનો ત્યાગ

**1946**માં **કોંગ્રેસ**ના **પ્રમુખપદ**ની ચૂંટણીમાં શ્રી સરદાર પટેલે શ્રી જવાહરલાલ નહેરુની તરફેણમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી.

- આ ચૂંટણીનું મહત્ત્વ એ હતું કે એમાં ચૂંટાઈ આવનાર પ્રમુખ, સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાના હતા.
- આ ઉપરાંત જ્યારે ગાંધીજીએ ભારતના 16 રાજ્યોના પ્રતિનિધિઓ તથા કોંગ્રેસને યોગ્ય ઉમેદવાર નીમવા જણાવ્યું ત્યારે 16માંથી 13 પ્રતિનિધિઓએ શ્રી સરદાર પટેલનું નામ સૂચવ્યું હતું.
- તેમ છતાં શ્રી સરદાર પટેલે ગાંધીજીની ઈચ્છાને માન આપીને ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાની તક જતી કરી હતી.
- અને તેમણે સ્વતંત્ર ભારતના **પ્રથમ નાયબ વડાપ્રધાન** બનીને ભારત સરકારના **ગૃહમંત્રાલય** તથા **માહિતી અને પ્રસારણ મંત્રાલય**ની જવાબદારી સંભાળી હતી.

## ભારતનું વિભાજન

આઝાદી સમયે અવિભાજિત ભારતના તમામ વિસ્તારો **બે** ભાગમાં વહેંચાયેલા હતા : **(1) અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર** અને **(2) 600થી વધુ રાજા-રજવાડાઓનો વિસ્તાર**.

- આ સમયે ભારતીય સમાજનું નેતૃત્વ મુખ્યત્વે બે રાજકીય પાર્ટીઓ દ્વારા થતું હતું : (1) **કોંગ્રેસ** અને (2) **મુસ્લિમ લીગ**.
- જેમાંથી ભારતના મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં **મુસ્લિમ લીગ**ને સમર્થન હતું. અને ભારતના અન્ય વિસ્તારોમાં **કોંગ્રેસ**ને સમર્થન હતું.
- આ સમયે મુસ્લિમ લીગ દ્વારા મુસ્લિમો માટે અલગ પાકિસ્તાનની માંગ કરવામાં આવી.
- આઝાદી સમયે ભારતનું વિભાજન ભારતના મોટા ભાગના નેતાઓને પસંદ ન હતું. આથી, મહાત્મા ગાંધીજી તથા શ્રી જવાહરલાલ નહેરુ સહિતના નેતાઓએ તેનો વિરોધ કર્યો હતો.
- જોકે, શ્રી સરદાર પટેલે તેનો સ્વીકાર કર્યો હતો. અને તેની પાછળનું કારણ એ હતું કે, એ સમયે ભારતીય નેતાગીરી સામેનો મુખ્ય પ્રશ્ન 600 જેટલા રાજા–રજવાડાઓને એક શાસન નીચે લાવવાનો હતો.
- અને એ માટે ભારતમાં એક સશક્ત સરકારની આવશ્યકતા હતી.
- જો મુસ્લિમ લીગની માંગણી ન સ્વિકારવામાં આવે તો ભારતમાં મુસ્લિમ લીગની સામેલગીરી વાળી વિભાજીત અને નબળી સરકાર અસ્તિત્વમાં આવે.પરિણામે, ભારતના 600 જેટલા રજવાડાઓને પોતપોતાની સ્વતંત્રતા મેળવવા માટે પ્રોત્સાહન મળી રહે અને **ભારતના એક નહિ પરંતુ અનેક ભાગલા** થઈ જાત. શ્રી સરદાર પટેલના શબ્દોમાં કહીએ તો – "કોઈને ભારતના ભાગલા થાય તે ગમતું નથી.
  મારું હૃદય પણ ભારે છે. પણ અત્યારે પસંદગી એક ભાગલા કે પછી ઘણા ભાગલાઓ
  વચ્ચે છે. આપણે તથ્યોનો સામનો કરવો જોઈએ.
  આપણે ભાવનાત્મકતા તથા લાગણી પ્રધાનતાને આધીન ન થવું જોઈએ."
- આ ઉપરાંત ભારત–પાકિસ્તાનના વિભાજન દરમિયાન **પંજાબ** તેમજ **બંગાળ**ના હિંદુ બહુમતીવાળા ક્ષેત્રોનો પણ પાકિસ્તાનમાં સમાવેશ કરવામાં આવે તેવી શ્રી મોહમ્મદ અલી જિન્હાની માંગણીનો શ્રી સરદાર પટેલે સખત વિરોધ કર્યો હતો અને તેને પાકિસ્તાનમાં જતા અટકાવ્યા હતા.
- ભારત–પાકિસ્તાનના ભાગલા સમયે ફાટી નીકળેલ કોમી રમખાણો દરમિયાન તેમણે **દિલ્હી**ના **શ્રી નિઝામુદ્દિન ઔલિયા** વિસ્તારમાં રહેતા હજારો મુસ્લિમોને કોમી રમખાણોથી બચાવવા માટે આ વિસ્તારની **દરગાહ**માં જઈને પ્રાર્થના કરી હતી, તેમજ લોકોને મળીને મજબૂત પોલીસ વ્યવસ્થા કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ સમયે દિલ્હી તેમજ પંજાબની પોલીસ પર પણ મુસ્લિમો પર હુમલા કરવાના આરોપ થતા હતા. આથી શ્રી સરદાર પટેલે **દક્ષિણ ભારતથી સેનાની ટુકડીઓ** મંગાવી તેમને કડક સંચારબંદી લાગુ કરવા તેમજ દેખો ત્યાં ઠાર કરવાના આદેશો આપ્યા હતા.

## રજવાડાઓનું વિલીનીકરણ

ભારત–પાકિસ્તાનના ભાગલા બાદ અવિભાજિત ભારતના 600 જેટલા રજવાડાઓમાંથી ભારતમાં **560**થી વધુ રજવાડાઓ અસ્તિત્વમાં હતા.

- આ સમયે ભારતનો વિસ્તાર બે ભાગમાં વહેંચાયેલો હતો : (1) **અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર** અને (2) **560**થી વધુ **રાજા-રજવાડાઓનો વિસ્તાર**.
- જેમાંથી આઝાદી બાદ અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર ભારત સરકારને સોંપવામાં આવ્યો હતો.
- આ સમયે **લોર્ડ માઉન્ટબેટનની યોજના** પ્રમાણે બ્રિટનની પાર્લામેન્ટમાં **18 જુલાઇ, 1947**ના રોજ એક ખરડો પસાર કરવામાં આવ્યો.
- આ કાયદો **'હિંદ સ્વતંત્ર ધારો 1947'** તરીકે ઓળખાયો.
- આ કાયદાની **કલમ-7**માં **દેશી રાજ્યો** અંગે જોગવાઈ કરવામાં આવી હતી. જેની મુખ્ય જોગવાઈ આ પ્રમાણે હતી :
  (1) દેશી રાજાઓ સાથેના તમામ કોલકરારો, સંધિઓ તથા બ્રિટિશ સરકારના આધિપત્યનો 15 ઓગસ્ટ, 1947 સુધીમાં અંત આવશે.
  (2) દેશી રાજ્યો ભારત કે પાકિસ્તાન બેમાંથી કોઈપણ દેશ સાથે જોડાઈ શકશે અથવા તો સ્વતંત્ર રહી શકશે.
- આ જાહેરાત અને 15 ઓગસ્ટ, 1947 વચ્ચે પૂરા એક મહિનાનો પણ સમય ન હતો.
- આ સમય દરમિયાન ભારતમાં **560**થી વધુ રજવાડાઓને ભારત સાથે જોડવા માટે લોર્ડ માઉન્ટ બેટનની સલાહથી ભારતમાં **'રાજ્ય મંત્રાલય'** નામના એક નવા જ મંત્રાલયની રચના કરવામાં આવી.
- ભારતમાં દેશી રાજ્યોના વિલીનીકરણની અતિ કપરી જવાબદારી **શ્રી સરદાર પટેલ**ને સોંપવામાં આવી અને તેમને આ **'રાજ્ય મંત્રાલય'**ના **પ્રધાન** બનાવવામાં આવ્યા. તથા **શ્રી વી. પી. મેનન** આ મંત્રાલયના **સેક્રેટરી** બન્યા.
- જોકે, આ સમસ્યાને અગાઉથી જ પારખી ગયેલા શ્રી સરદાર પટેલે **6 મે 1947**થી જ વિવિધ રાજાઓ સાથે મંત્રણાઓ શરૂ કરી દીધી હતી. અને જે તે રાજ્યની ભૌગોલિક તેમજ અન્ય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રી સરદાર પટેલે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી. જેને કારણે **560** થી વધુ રજવાડાઓમાંથી ત્રણને બાદ કરતાં બાકીના રજવાડાઓ ભારતમાં વિલીન થઈ ગયા હતા.
- જે ત્રણ રાજ્યો ભારત સાથે જોડાયા ન હતા તેમાં **જૂનાગઢ**, **હૈદરાબાદ** અને **જમ્મુ-કાશ્મીર**નો સમાવેશ થાય છે.
- જેમાં જૂનાગઢને **સેના** તેમજ **'આરઝી હકુમત'**ની મદદથી ભારતમાં વિલીન કર્યું હતું.
- જ્યારે હૈદરાબાદને, હૈદરાબાદ પર લશ્કરી કાર્યવાહી કરવાનો વિરોધ કરી રહેલા શ્રી જવાહરલાલ નહેરુ યુરોપની યાત્રા પર ગયા હતા ત્યારે **કાર્યવાહક પ્રધાનમંત્રી** તરીકે હૈદરાબાદ પર **લશ્કરી કાર્યવાહી** કરીને **શ્રી સરદાર પટેલે** હૈદરાબાદને ભારતમાં વિલીન કર્યું હતું.
- આ માટે હૈદરાબાદ પર થયેલી લશ્કરી કાર્યવાહીને **'ઓપરેશન પોલો'** નામ આપવામાં આવ્યું હતું.
- જ્યારે ભારત કે પાકિસ્તાન સાથે ન જોડાયેલા જમ્મુ–કાશ્મીર પર પાકિસ્તાને આક્રમણ કર્યું અને પાકિસ્તાનની સેના શ્રીનગરથી ફક્ત 65 કિ.મી. દૂર હતી ત્યારે જમ્મુ–કાશ્મીરના મહારાજા **શ્રી હરિસિંહજી ડોગરા**એ શ્રી સરદાર પટેલની મદદ માંગી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ત્યારે આવી જ કોઈ તકની રાહ જોઈને બેઠેલા શ્રી સરદાર પટેલે તાત્કાલીક **શ્રી વી. પી. મેનન**ને વિમાનમાર્ગે કાશ્મીર મોકલીને **હિંદી સંઘ** સાથેના જોડાણખત પર સહી કરાવી દીધી અને તેને ભારતમાં વિલીન કર્યું
- ત્યાર બાદ હવાઈ માર્ગે લશ્કર મોકલી પાકિસ્તાની સૈન્યને પીછેહઠ કરવા મજબૂર કર્યા.

**નોંધ :** (1) ભારતના રજવાડાઓ કઈ રીતે ભારતમાં વિલીન થયા એ અંગે **શ્રી વી. પી. મેનને** લખેલા પુસ્તકનું નામ **"ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ઈન્ડિયન સ્ટેટ"** છે.

(2) શ્રી સરદાર પટેલ **અલ્પસંખ્યકો, આદિજાતિ તેમજ બાકાત વિસ્તાર, મૂળભૂત અધિકારો તેમજ પ્રાદેશિક સંવિધાનની સમિતિ** જેવી વિવિધ સમિતિઓના પ્રમુખ હતા.

(3) તેમને **ભારતીય સનદી સેવાઓ**ના **'પેટ્રોન સેન્ટ'** તરીકે ઓળખવામાં આવે છે.

(4) **15 ડિસેમ્બર, 1950**ના રોજ **હૃદયરોગ**ના હુમલાને કારણે **75 વર્ષ**ની વયે **દિલ્હી** ખાતે તેમનું નિધન થયું હતું.

(5) ઈ.સ. **1991**માં તેમને મરણોત્તર **ભારત રત્ન** પુરસ્કાર એનાયત થયો હતો.

(6) **'શ્રી સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક'**ની ગુજરાતના **અમદાવાદ**ના **મોતી મહેલ** ખાતે **1980**માં સ્થાપના કરવામાં આવી હતી.

(7) શ્રી સરદાર પટેલને **કુ. સરોજિની નાયડુ**એ **'લોખંડની દાબડીમાં સોનાનું ઘરેણું'**, **શ્રી ચં. ચી. મહેતા**એ **'રુદ્ર-ભદ્ર સરદાર'** તથા **શ્રી ગુણવંત શાહે** **'વજના કૂંડામાં ઊગેલું સુકોમળ પુષ્પ'** કહીને નવાજ્યા છે. આ ઉપરાંત તેમને **'ભારતના બિસ્માર્ક'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ICE Questions

1. દર વર્ષે 31 ઓક્ટોબરના રોજ ભારત અથવા તો વિશ્વમાં નીચેનામાંથી કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) રાષ્ટ્રીય એકતા દિવસ (B) વિશ્વ બચત દિવસ
(C) વિશ્વ શહેર દિવસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

2. ભારતમાં 31 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(A) શ્રી સરદાર પટેલ જન્મદિન (B) રાષ્ટ્રીય એકતા દિવસ
(C) શ્રીમતી ઈન્દિરા ગાંધી પુણ્યતિથિ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

3. ભારતમાં શ્રી સરદાર પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે કયારથી ઉજવાય છે ?
(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 **(C)**

4. હાલમાં 31 ઓક્ટોબર, 2019ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના કેટલામા જન્મદિનની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 141મા (B) 144મા (C) 146મા (D) 148મા **(B)**

5. 31 ઓક્ટોબર, 2019ના રોજ ભારતમાં શ્રી સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે નીચેનામાંથી કયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું ન હતું ?
(A) રન ફોર યુનિટી (એકતા યાત્રા) (B) રાષ્ટ્રીય એકતા શપથ
(C) રાષ્ટ્રીય એકતા સંમેલન (D) રાષ્ટ્રીય એકતા પરેડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

6. 31 ઓક્ટોબર, 2019ના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની રાષ્ટ્રકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?

(A) નવી દિલ્હી (B) વારાણસી (C) લદાખ (D) કેવડિયા

**Answer: (D)**

7. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમ્મુ કાશ્મીર તથા લદાખના સરકારી કર્મચારીઓને 31 ઓક્ટોબર 2019થી કેટલામા પગાર પંચના લાભો આપવાની જાહેરાત કરી હતી ?

(A) પાંચમા (B) છઠ્ઠા (C) સાતમા (D) આઠમા

**Answer: (C)**

8. 31 ઓક્ટોબર 2019ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા કેન્દ્રશાસિત પ્રદેશના સરકારી કર્મચારીઓને સાતમા પગાર પંચના લાભો આપવાની જાહેરાત કરી હતી ?

(A) દિલ્હી (B) ચંદિગઢ

(C) જમ્મુ કાશ્મીર તથા લદાખ (D) દમણ અને દિવ

**Answer: (C)**

9. 31 ઓક્ટોબર 2019ને 'રાષ્ટ્રીય એકતા દિન' નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ક્યાંથી 'રન ફોર યુનિટી'ને પ્રસ્થાન કરાવ્યું હતું ?

(A) કેવડિયા (B) ગાંધીનગર (C) વડોદરા (D) અમદાવાદ

**Answer: (D)**

10. 31 ઓક્ટોબર 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદના કયા સ્ટેડિયમમાંથી 'રન ફોર યુનિટી'ને પ્રસ્થાન કરાવ્યું હતું અને ત્યાં ઉપસ્થિત જનમેદનીને 'રાષ્ટ્રીય એકતાના શપથ' લેવડાવ્યા હતા?

(A) સરદાર પટેલ સ્ટેડિયમ (B) GMDC ગ્રાઉન્ડ

(C) કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ (D) જે.ડી. નગરવાલા શાહીબાગ પોલીસ સ્ટેડિયમ

**Answer: (D)**

11. 31 ઓક્ટોબર 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદના કયા સ્ટેડિયમમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત 'માર્ચ પાસ્ટ' અથવા તો 'રાષ્ટ્રીય એકતા પરેડ'ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું ?

(A) સરદાર પટેલ સ્ટેડિયમ (B) GMDC ગ્રાઉન્ડ

(C) કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ (D) જે.ડી. નગરવાલા શાહીબાગ પોલીસ સ્ટેડિયમ

**Answer: (A)**

12. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન IAS/IPS/IRS/IFS પ્રોબેસનર્સ માટે છ દિવસીય ટ્રેઈનિંગ પ્રોગ્રામનું કયાં આયોજન થયું હતું ?

(A) લદાખ (B) શ્રીનગર (C) મૈસૂર (D) કેવડિયા કોલોની

**Answer: (D)**

13. 31 ઓક્ટોબર, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અનાવરણ કરવામાં આવેલ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટીની' ઊંચાઈ કેટલી છે ?

(A) 491.181 ફૂટ (B) 590.551 ફૂટ (C) 597.113 ફૂટ (D) 546 ફૂટ

**Answer: (C)**

14. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ગુજરાતના નર્મદા જિલ્લાના કયા તાલુકામાં આવેલ છે ?

(A) નાંદોદ (B) ગરૂડેશ્વર (C) સાગબારા (D) તિલકવાડા

**Answer: (B)**

15. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નર્મદા નદીના કયા બેટ પર આવેલ છે ?

(A) સારસ બેટ (B) સાહૂ બેટ (C) સાગબારા બેટ (D) સાધુ બેટ

**Answer: (D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

16. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો શિલાન્યાસ ક્યારે કરવામાં આવ્યો હતો ?
(A) 31 ઓક્ટોબર, 2013 (B) 31 ઓક્ટોબર, 2014
(C) 31 ઓક્ટોબર, 2015 (D) 31 ઓક્ટોબર, 2016 (A)

17. શ્રી સરદાર સાહેબની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના મુખ્ય ડિઝાઈનર (શિલ્પકાર) કોણ છે ?
(A) શ્રી રામ નારાયણ સુથાર (B) શ્રી રામ પ્રસાદ સુથાર
(C) શ્રી રામ ગોપાલ સુથાર (D) શ્રી રામ વાનજી સુથાર (D)

18. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને કઈ ધાતુનું આવરણ ચડાવવામાં આવ્યું છે ?
(A) તાંબાનું (B) સ્ટીલનું (C) કાંસાનું (D) એલ્યુમિનિયમનું (C)

19. વિંધ્યાચલ પર્વતમાળા અને સાતપુડા પર્વતમાળા વચ્ચેથી કઈ નદી પસાર થાય છે ?
(A) તાપી (B) સાબરમતી (C) નર્મદા (D) મહી (C)

20. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની પાયા સાથેની ઊંચાઈ કેટલી છે ?
(A) 182 મીટર (B) 240 મીટર (C) 200 મીટર (D) 260 મીટર (B)

21. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ક્યારે થયો હતો ?
(A) 31 ઓક્ટોબર, 1875 (B) 31 ઓક્ટોબર, 1886
(C) 31 ઓક્ટોબર, 1885 (D) 31 ઓક્ટોબર, 1888 (A)

22. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને છઠ્ઠા ધોરણમાં કયા ગુજરાતી શિક્ષકે શિક્ષા રૂપે 200 પાડા લખવા આપ્યા હતા ?
(A) શ્રી છોટાલાલ માસ્તર (B) શ્રી રમણીકલાલ માસ્તર
(C) શ્રી મણીશંકર માસ્તર (D) એકપણ નહીં (A)

23. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની વકીલાત ક્યાંથી શરૂ કરી હતી ?
(A) બારડોલી (B) અમદાવાદ (C) ગોધરા (D) કરમસદ (C)

24. ગુજરાત વિધાનસભા ગૃહનું નામ શું રાખવામાં આવ્યું છે ?
(A) સરદાર વલ્લભભાઈ પટેલ ભવન (B) વિઠ્ઠલભાઈ પટેલ ભવન
(C) જીવરાજ મહેતા ભવન (D) ચિમન મહેતા ભવન (B)

25. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કઈ રમતમાં માહેર હતા ?
(A) ક્રિકેટ (B) વોલીબોલ (C) બ્રિજ (D) ચેસ (C)

26. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને સરદારનું બિરૂદ કયા સત્યાગ્રહથી મળ્યું ?
(A) બારડોલી સત્યાગ્રહ (B) બોરસદ સત્યાગ્રહ (C) ખેડા સત્યાગ્રહ (D) નાગપુર સત્યાગ્રહ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

27. ઈ.સ. 1923માં નાગપુર (ઝંડા) સત્યાગ્રહનું નેતૃત્વ કોણે કર્યું હતું ?
(A) શ્રી જયપ્રકાશ નારાયણ (B) શ્રી ગાંધીજી
(C) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (D) શ્રી અરવિંદ ઘોષ
(C)

28. બારડોલી સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો ?
(A) 1923 (B) 1928 (C) 1918 (D) 1932
(B)

29. બોરસદ સત્યાગ્રહમાં પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ કેટલો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું ?
(A) 2 રૂપિયા 5 આના (B) 1 રૂપિયો 7 આના (C) 2 રૂપિયા 7 આના (D) 1 રૂપિયો 5 આના
(C)

30. દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ધરપકડ કયા ગામથી થઈ હતી ?
(A) કરાડી (B) બોરસદ (C) રાસ (D) દાંડી
(C)

31. દેશી રજવાડાઓના ભારતમાં વિલીનીકરણ સમયે કયા રાજવીએ પોતાનું રાજ્ય સૌપ્રથમ ભારત સંઘમાં સોંપ્યું ?
(A) શ્રી ભાવસિંહજી ગોહિલ (B) શ્રી કૃષ્ણકુમાર સિંહજી
(C) શ્રી જામ સાહેબ (D) શ્રી વિભોજી જાડેજા
(B)

32. મહારાજા કૃષ્ણકુમાર સિંહજી જેમણે સૌપ્રથમ પોતાનું રાજ્ય ભારત સંઘમાં જોડવાની સહમતી દર્શાવી હતી તે કયાંના રાજા હતા ?
(A) જામનગર (B) જૂનાગઢ (C) ભાવનગર (D) કચ્છ
(C)

33. ભારત દેશના મહાન પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન કઈ સાલમાં એનાયત થયો હતો ?
(A) ઈ.સ. 1971માં (B) ઈ.સ. 1981માં (C) ઈ.સ. 1991માં (D) ઈ.સ. 1999માં
(C)

34. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને 'ભારતના બિસ્માર્ક' તરીકે ઓળખવામાં આવે છે. આ બિસ્માર્ક કયા દેશના વતની હતા ?
(A) અમેરિકા (B) જર્મની (C) બ્રિટન (D) ફ્રાંસ
(B)

35. હૈદરાબાદને ભારતસંઘમાં જોડવા માટે કરવામાં આવેલી લશ્કરી કાર્યવાહીને કયું નામ આપવામાં આવ્યું હતું ?
(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પોલો (C) ઓપરેશન મૈત્રી (D) ઓપરેશન બ્લેક થંડર
(B)

36. 'ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ધ ઈન્ડિયન સ્ટેટ્સ' પુસ્તકના લેખક કોણ હતા ?
(A) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (B) શ્રી વી. પી. મેનન
(C) ડો. રાજેન્દ્ર પ્રસાદ (D) માઉન્ટ બેટન
(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 1 NOVEMBER, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 1 નવેમ્બર, વિશ્વ શાકાહાર દિન (World Vegan Day)

### ➤ જમ્મુ કાશ્મીર અને લદાખ હવે બે નવા કેન્દ્ર શાસિત પ્રદેશો બન્યા

**31 ઓક્ટોબર, 2019**થી ભારતમાં 'જમ્મુ કાશ્મીર' રાજ્યની જગ્યાએ **'જમ્મુ કાશ્મીર'** અને **'લદાખ'** નામથી **બે નવા કેન્દ્ર શાસિત પ્રદેશો** અમલમાં આવ્યા છે.

- આ સાથે જ હવે ભારતમાં **કેન્દ્ર શાસિત પ્રદેશો**ની કુલ સંખ્યા **9** થઈ ગઈ છે અને **રાજ્યો**ની સંખ્યા **28** થઈ ગઈ છે.
- ભારતમાં સ્વતંત્રતા બાદ સૌપ્રથમ વખત કોઈ રાજ્યનો દરજ્જો ઘટાડીને તેને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેરવવામાં આવ્યો છે.
- નવા બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી **જમ્મુ કાશ્મીર**ને **વિધાનસભા** હશે.
- આથી, ભારતમાં હવે **વિધાનસભા ધરાવતા કેન્દ્ર શાસિત પ્રદેશો**ની સંખ્યા વધીને **ત્રણ (દિલ્હી, પુડુચેરી અને જમ્મુ કાશ્મીર)** થઈ ગઈ છે.
- જ્યારે લદાખને વિધાનસભા આપવામાં આવી નથી.
- આ અગાઉ **જમ્મુ કાશ્મીર** રાજ્યમાં **લોકસભા**ની **6** અને **રાજ્યસભા**ની **4** બેઠકો હતી.
- તેમાંથી કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર**ને **લોકસભા**ની **5** અને **રાજ્યસભા**ની **4** બેઠકો ફાળવવામાં આવી છે.
- જ્યારે **લદાખ**ને **લોકસભા**ની **1** બેઠક ફાળવવામાં આવી છે. લદાખમાં વિધાનસભા ન હોવાથી તેને રાજ્યસભાની એક પણ બેઠક ફાળવવામાં આવી નથી.
- કેન્દ્ર શાસિત જમ્મુ કાશ્મીરમાં હવે વિધાનસભા બેઠકોનું ફરીથી સીમાંકન કરવામાં આવશે. આ સીમાંકન બાદ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા બેઠકોની સંખ્યા નક્કી થશે.
- કેન્દ્ર શાસિત પ્રદેશ **લદાખ**માં **બે** જિલ્લાઓનો સમાવેશ થાય છે : **(1) લેહ અને (2) કારગીલ**
- જ્યારે નવા કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ અને કાશ્મીર**માં કુલ **22** જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- **1947**માં જમ્મુ કાશ્મીર રાજ્યમાં કુલ **14** જિલ્લાઓનો સમાવેશ થતો હતો. ત્યારબાદ **2019** સુધીમાં જમ્મુ કાશ્મીરની રાજ્ય સરકારે બીજા **નવા 14** જિલ્લાઓની રચના કરી હતી. આથી, જમ્મુ કાશ્મીર રાજ્યમાં કુલ **28** જિલ્લાઓનો સમાવેશ થતો હતો.




- આ 28 જિલ્લાઓમાંથી
  (1) લેહ અને લદાખ,
  (2) ગિલગિટ
  (3) ગિલગિટ વઝારત
  (4) ચિલ્હાસ
  (5) ટ્રાઈબલ ટેરિટરી અને
  (6) કારગીલ

  એમ કુલ **છ** જિલ્લાઓના વિસ્તારનો સમાવેશ કેન્દ્ર શાસિત પ્રદેશ **લદાખ**માં કરવામાં આવ્યો છે. અને આ છ જિલ્લાઓમાંથી નવા કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખમાં **(1) લેહ અને (2) કારગીલ** નામથી **બે નવા જિલ્લાઓ**ની રચના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## જમ્મુ કાશ્મીરના પ્રથમ ઉપરાજ્યપાલ

**શ્રી ગિરીશ ચન્દ્ર મુર્મૂ**એ કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર**ના **પ્રથમ ઉપરાજ્યપાલ** તરીકે શપથ લીધા છે.

- **જમ્મુ કાશ્મીર હાઈકોર્ટ**ના મુખ્ય ન્યાયાધીશ **સુશ્રી ગીતા મિત્તલે** શ્રી ગિરીશ ચન્દ્ર મુર્મૂને પદ અને ગુપ્તતાના શપથ અપાવ્યા છે.

## લદાખના પ્રથમ ઉપરાજ્યપાલ

**લદાખ**ના **પ્રથમ ઉપરાજ્યપાલ** તરીકે **શ્રી રાધા કૃષ્ણ માથુરે** શપથ ગ્રહણ કર્યા છે.

- **જમ્મુ કાશ્મીર હાઈકોર્ટ**ના મુખ્ય ન્યાયાધીશ **સુશ્રી ગીતા મિત્તલે** શ્રી આર.કે. માથુરને પદ અને ગુપ્તતાના શપથ અપાવ્યા છે.
- ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર **રાષ્ટ્રપતિ અથવા તો રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ** કેન્દ્ર શાસિત પ્રદેશના ઉપરાજ્યપાલને શપથ અપાવે છે.

**નોંધ :** જમ્મુ કાશ્મીરનો દરજ્જો બદલાતા જ **જમ્મુ, શ્રીનગર અને લેહ રેડિયો સ્ટેશન**ના નામ બદલાઈ ગયા છે. હવે તે **ઓલ ઈન્ડિયા રેડિયો જમ્મુ, શ્રીનગર અને લદાખ** તરીકે ઓળખાશે.

## ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ શાકાહાર દિન' અથવા તો 'World Vegan Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 31 ઓક્ટોબર (B) 1 નવેમ્બર (C) 2 નવેમ્બર (D) 3 નવેમ્બર — **(B)**

2. ભારતમાં તાજેતરમાં નવા રચાયેલા કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરને લોકસભા અને રાજ્યસભાની કેટલી બેઠકો ફાળવવામાં આવી છે ?
(A) લોકસભાની 4 અને રાજ્યસભાની 4 (B) લોકસભાની 5 અને રાજ્યસભાની 5
(C) લોકસભાની 4 અને રાજ્યસભાની 5 (D) લોકસભાની 5 અને રાજ્યસભાની 4 — **(D)**

3. નવા કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખમાં લોકસભાની કેટલી બેઠકો આવેલી છે ?
(A) 1 (B) 2 (C) 3 (D) એક પણ નહિ — **(A)**

4. નવા કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખમાં કયા બે જિલ્લાઓ આવેલા છે ?
(A) લદાખ અને કારગીલ (B) લેહ અને લદાખ
(C) લદાખ અને ગિલગિટ (D) લેહ અને કારગીલ — **(D)**

5. 1947માં જમ્મુ કાશ્મીર રાજ્યમાં કેટલા જિલ્લાઓનો સમાવેશ થતો હતો ?
(A) 10 (B) 12 (C) 14 (D) 16 — **(C)**

6. કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના પ્રથમ ઉપરાજ્યપાલ તરીકે તાજેતરમાં કોણે શપથ લીધા છે ?
(A) શ્રી ગિરિશ ચંદ્ર મુર્મૂ (B) શ્રી આર.કે. માથુર
(C) શ્રી બી.ડી. ભટ્ટ (D) શ્રી એન.આર. દવે — **(A)**

7. કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખના પ્રથમ ઉપરાજ્યપાલ તરીકે તાજેતરમાં કોણે શપથ લીધા છે ?
(A) શ્રી ગિરિશ ચંદ્ર મુર્મૂ (B) શ્રી આર.કે. માથુર
(C) શ્રી બી.ડી. ભટ્ટ (D) શ્રી એન.આર. દવે — **(B)**

8. શ્રી ગિરિશ ચંદ્ર મુર્મૂ અને શ્રી રાધા કૃષ્ણ માથુરને જમ્મુ કાશ્મીર અને લદાખના ઉપરાજ્યપાલ તરીકે કોણે શપથ અપાવ્યા છે ?
(A) સુશ્રી માનસી દવે (B) સુશ્રી મિત્તલ ભટ્ટ (C) સુશ્રી ગીતા મિત્તલ (D) સુશ્રી નીતા માથુર — **(C)**

## 02 NOVEMBER, 2019 SATURDAY

➤ **દિવસ મહિમા : 2 નવેમ્બર, International Day to End Impunity for Crimes against Journalists (પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાનો આંતરરાષ્ટ્રીય દિવસ)**

➤ **ખરીફ માર્કેટીંગ સીઝન 2019-20 દરમિયાન ગુજરાત સરકારે જાહેર કરેલા કેટલાક પાકોના ટેકાના ભાવ**

ખરીફ માર્કેટીંગ સીઝન 2019-20 દરમિયાન ગુજરાત સરકારે કેટલાક પાકોની ટેકાના ભાવથી ખરીદી કરવાની જાહેરાત કરી છે.

- જે આ પ્રમાણે છે :

**ખરીફ પાકના ટેકાના ભાવ**

| ક્રમ | પાક | ભાવ પ્રતિ ક્વિન્ટલ (100 kg) | ભાવ પ્રતિ મણ (20 kg) |
|---|---|---|---|
| 1 | મગ | 7050 | 1410 |
| 2 | અડદ | 5700 | 1140 |
| 3 | મગફળી | 5090 | 1018 |
| 4 | બાજરી | 2000 | 400 |
| 5 | ડાંગર કોમન | 1815 | 363 |
| 6 | ડાંગર ગ્રેડ-એ | 1835 | 367 |
| 7 | મકાઈ | 1760 | 352 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

બિનસચિવાલયની પરીક્ષા માટે વિશેષ પુસ્તકો




JAN TO AUG - 2019 CURRENT AFFAIRS

જાહેર વહીવટ

SUBJECT WISE 4000+ QUE - ANS

## ➤ ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત

તાજેતરમાં ભારતમાં હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી યોજાયા બાદ હવે કેન્દ્રીય ચૂંટણી પંચે ઝારખંડમાં રાજ્ય વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત 30 નવેમ્બરથી 20 ડિસેમ્બર 2019 દરમિયાન ઝારખંડમાં પાંચ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે.
- અને 23 ડિસેમ્બર 2019ના રોજ આ ચૂંટણીનું પરિણામ જાહેર થશે.
- ઝારખંડ વિધાનસભામાં 81 + 1 = કુલ 82 વિધાનસભા બેઠકો આવેલી છે.
- જેમાંથી 81 બેઠકો પર ચૂંટણી યોજાય છે અને 1 સભ્યની રાજયપાલ દ્વારા નિમણૂક કરવામાં આવે છે.

**નોંધ :** (1) ઝારખંડમાં હાલ ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તા પર છે અને શ્રી રઘુબર દાસ ઝારખંડના મુખ્યમંત્રી છે.
(2) ઝારખંડના મુખ્યમંત્રી તરીકે જેમણે 5 વર્ષનો કાર્યકાળ પૂરો કર્યો હોય તેવા શ્રી રઘુબર દાસ ઝારખંડના પ્રથમ મુખ્યમંત્રી છે.

### ICE Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર — (B)

2. ગુજરાત સકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ખરીફ પાકોના ટેકાના ભાવના સંદર્ભમાં પાક અને પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવની નીચેની જોડમાંથી કઈ જોડ સાચી નથી ?
(A) મગ - 7050 (B) અડદ - 5700 (C) મગફળી - 5090 (D) બાજરી - 1835 — (D)

3. તાજેતરમાં 1 નવેમ્બર 2019ના રોજ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ભારતના કયા રાજ્યમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે ?
(A) છત્તીસગઢ અને ઝારખંડ (B) ઝારખંડ અને ઉત્તરાખંડ
(C) ઝારખંડ અને મણિપુર (D) ઝારખંડ — (D)

4. ઝારખંડમાં વિધાનસભાની કેટલી બેઠકો માટે ચૂંટણી યોજાય છે ?
(A) 80 (B) 81 (C) 82 (D) 83 — (B)

5. ઝારખંડ વિધાનસભામાં કુલ સભ્ય સંખ્યા કેટલી છે ?
(A) 80 (B) 81 (C) 82 (D) 83 — (C)

6. ઝારખંડના મુખ્યમંત્રી તરીકે 5 વર્ષનો કાર્યકાળ પૂરો કરનાર સૌપ્રથમ મુખ્યમંત્રીનું નામ શું છે ?
(A) શ્રી શીબુ સોરેન (B) શ્રી અર્જુન મુંડા
(C) શ્રી હેમંત સોરેન (D) શ્રી રઘુબર દાસ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. 28 ઓક્ટોબર 2019ને કારતક વદ - 1ના રોજ ભારતમાં વિક્રમ સંવતના કેટલામા નૂતન વર્ષનો પ્રારંભ થયો છે ?
   – 2076
2. તાજેતરમાં વડોદરાની કૃપાલી નામની મનો દિવ્યાંગ બાળકીને કયા દેશના દંપતીએ દત્તક લીધી છે ? – ઈટાલી
3. તાજેતરમાં વડોદરાની સરકારી વિશેષ દત્તક સંસ્થાની આશ્રિત કઈ મનો દિવ્યાંગ બાળકીને ઈટાલીના દંપતીએ દત્તક લીધી છે ? – કૃપાલી
4. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન રૂ. 9 લાખ કરોડનું માર્કેટ કેપિટલાઈઝેશન હાંસલ કરનારી ભારતની સૌપ્રથમ કંપની બનવાની સિદ્ધિ કઈ કંપનીએ મેળવી છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ
5. તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે કેટલા લાખ કરોડ રૂપિયાનું માર્કેટ કેપિટલાઈઝેશન હાંસલ કરનારી ભારતની સૌપ્રથમ કંપની બનવાની સિદ્ધિ મેળવી છે ? – રૂ. 9 લાખ કરોડ
6. તાજેતરમાં કયા દેશની ગ્લાસગો યુનિવર્સિટીના સંશોધકોને વ્હિસ્કીના સ્વાદને પારખી શકે તેવી કૃત્રિમ જીભ વિકસાવવામાં સફળતા મળી છે ? – બ્રિટન
7. તાજેતરમાં ભારતમાં NSG (National Security Guard)ના DG (Director General) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી એ.કે. સિંઘ અથવા શ્રી અનુપકુમાર સિંઘ (અમદાવાદ શહેર પોલીસ કમિશનર)
8. શ્રી એ.કે. સિંઘની જગ્યાએ અમદાવાદ શહેરના નવા પોલીસ કમિશનર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી આશિષ ભાટિયા
9. પાકિસ્તાનની ક્રિકેટ ટીમના ત્રણેય ફોર્મેટના કયા કેપ્ટનની તાજેતરમાં કેપ્ટન તેમજ ખેલાડી તરીકે હકાલપટ્ટી કરવામાં આવી છે ? – શ્રી સરફરાઝ એહમદ
10. નાણાકીય વર્ષ 2019ના ત્રીજા ત્રિમાસિકમાં જુલાઈથી સપ્ટેમ્બર 2019 દરમિયાન ચીનનો આર્થિક વિકાસદર ઘટીને કેટલા ટકા રહ્યો છે...કે જે ચીનની છેલ્લા 29 વર્ષની નીચી સપાટી છે ? – 6 ટકા
11. તાજેતરમાં ભારતના કયા પ્રસિદ્ધ ખેલાડીના જીવન પરથી 'માઈન્ડ માસ્ટર : વિનિંગ લેસન્સ ફ્રોમ અ ચેમ્પિયન્સ લાઈફ' નામનું પુસ્તક લખાયું છે ? – શ્રી વિશ્વનાથન આનંદ
12. અમેરિકા દ્વારા તાજેતરમાં યુરોપિયન યુનિયનની કેટલા અબજ ડોલરની વસ્તુઓ પર ડ્યુટી નાખવામાં આવી છે ?
    – 7.5 અબજ ડોલર

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. તાજેતરમાં કયા દેશની સરકારે નાના ગુના માટે દોષિત ઠેરવાયેલા 5.5 લાખ ગુનેગારોને માફી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – જાપાન
14. ભારતની સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ તરીકે વર્તમાન ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈએ કોના નામની ભલામણ કરી છે ? – જસ્ટિસ એસ.એ. બોબડે અથવા જસ્ટિસ શરદ અરવિંદ બોબડે
15. તાજેતરમાં કયા દેશમાં વોટ્સએપ અને ફેસબુક પર ટેક્સ નાંખવામાં આવતા હિંસા ફાટી નીકળી હતી ? – લેબેનોન
16. તાજેતરમાં ભારતના કયા શહેરમાં 11 સ્ક્રીનવાળું ભારતનું પ્રથમ મલ્ટિપ્લેક્સ શરૂ થયું છે ? – મુંબઈ
17. ભારતમાં હવે કયા શૈક્ષણિક વર્ષથી કન્યાઓને પણ સૈનિક સ્કૂલમાં એડમિશન આપવામાં આવશે એવી કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે તાજેતરમાં જાહેરાત કરી છે ? – 2021-22
18. તાજેતરમાં ભારતની કઈ સ્કૂલમાં હાથ ધરાયેલા પાઈલટ પ્રોજેક્ટને મળેલી સફળતા બાદ ભારતમાં હવે કન્યાઓને પણ સૈનિક સ્કૂલમાં પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – છિંગછિપ સ્કૂલ (મિઝોરમ)
19. તાજેતરમાં કયા દેશે તે દેશમાં ગેરકાયદે વસતા આશરે 311 જેટલા ભારતીયોને હદપાર કર્યા છે ? – મેક્સિકો
20. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નિર્દેશ જારી કરીને ભારતમાં પોલીસની તમામ કચેરીઓમાં કોની તસવીર રાખવી અનિવાર્ય કરી દીધી છે ? – શ્રી સરદાર પટેલ
21. તાજેતરમાં ભારતીય સેનાએ ભારત પાકિસ્તાન સરહદ પર કયા ક્ષેત્રમાં ડ્રોન નિરોધક સિસ્ટમ ગોઠવવાની યોજના બનાવી છે ? – પંજાબ
22. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર હવે કેટલા રૂપિયા સુધીનો આવકનો દાખલો ગામમાં જ તલાટી કમ મંત્રી કાઢી આપશે એવો નિર્ણય કરવામાં આવ્યો છે ? – રૂ. 5 લાખ સુધીનો
23. તાજેતરમાં જ ખાનગી શાળાઓમાં મહિલાઓને મેટરનિટીની અથવા તો માતૃત્વની રજા આપવાનો નિર્ણય કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
– કેરળ (કેરળમાં હવે ખાનગી શિક્ષણ ક્ષેત્રની મહિલાઓ 26 સપ્તાહની મેટરનિટી લીવ લઈ શકશે)
24. તાજેતરમાં વિશ્વની કઈ અવકાશ સંસ્થાના વૈજ્ઞાનિકોએ મંગળ અને ચંદ્ર જેવી માટી અને વાતાવરણ તૈયાર કરીને તેમાં ખેતી કરવાનો સફળ પ્રયોગ કર્યો છે ? – નાસા
25. તાજેતરમાં નાસાના સહકારથી કયા દેશની વગેનિંગેન યુનિવર્સિટીના સંશોધકોએ મંગળ અને ચંદ્ર જેવી માટી અને વાતાવરણ તૈયાર કરીને તેમાં ખેતી કરવાનો અથવા તો શાકભાજી ઉગાડવાનો સફળ પ્રયોગ કર્યો છે ? – નેધરલેન્ડ
26. તાજેતરમાં ભારતમાં સ્વદેશી બનાવટની કઈ હોવિત્ઝર તોપ ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી છે ? – ધનુષ
27. ભારતની સ્વદેશી બનાવટની હોવિત્ઝર તોપ ધનુષની મારક ક્ષમતા કેટલા કિમી સુધીની છે ? – 38 કે 40
28. ઓક્ટોબર 2019 દરમિયાન કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા ગુજરાતના કયા બે સ્થળોએ અથવા તો જિલ્લામાં બે નવી કેન્દ્રીય વિદ્યાલયો શરૂ કરવામાં આવી છે ?
– વિરમગામ (જિ. અમદાવાદ) અને જેતપુર (જિ. રાજકોટ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

29. તાજેતરમાં છઠ્ઠી વખત ગોલ્ડન શૂ એવોર્ડ વિજેતા ફૂટબોલ ખેલાડીનું નામ શું છે ?
– શ્રી લિયોનેલ મેસ્સી (દેશ : આર્જેન્ટીના, બાર્સેલોના ફૂટબોલ ટીમના કેપ્ટન)

30. તાજેતરમાં વિશ્વમાં કઈ જગ્યાએ થયેલા વ્યાપક વિરોધને કારણે ત્યાંની સરકારે પ્રસ્તાવિત પ્રત્યાર્પણ બિલ પાછું ખેંચી લીધું છે ? – હોંગકોંગ

31. વર્ષ 2019ની 'વિશ્વ શહેર દિવસ' (World Cities Day)ની થીમ શું છે ?
– Changing the World : innovations and better life for future generations

32. તાજેતરમાં ભારતના કયા શહેરમાં પ્રદૂષણનું પ્રમાણ ભયજનક સ્તરે પહોંચતા Environment Pollution (Prevention and Control) Authoruty - EPCA દ્વારા હેલ્થ ઈમરજન્સીની જાહેરાત કરવામાં આવી હતી ?
– દિલ્હી

33. દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીના પ્રદૂષણ માટે કયા રાજ્યમાં બાળવામાં આવતી પરાળ અથવા તો પરાળીને જવાબદાર ગણાવી છે ? – પંજાબ અને હરિયાણા

34. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) દ્વારા તૈયાર કરાયેલા ઈન્ટરનેશનલ ડાયટ્રેડ સેન્ટરને સ્પેશિયલ નોટીફાઈડ ઝોન (SNZ) તરીકેની પરવાનગી મળતા હવે ત્યાં વિદેશી માઈનિંગ કંપની સીધા એ શહેરમાં જ રફ હીરા વેચી શકશે ? – સુરત (સુરતમાં તારાપોર ખાતે)

35. તાજેતરમાં ટ્રાઈ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર મોબાઈલ પર કોલ આવે તો કેટલી સેકન્ડ સુધી રિંગટોન વાગવી જરૂરી છે ? – 30 સેકન્ડ

36. તાજેતરમાં ટ્રાઈ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર લેન્ડ લાઈન પર કોલ આવે તો કેટલી સેકન્ડ સુધી રિંગટોન વાગવી જરૂરી છે ? – 60 સેકન્ડ

37. ટ્રાઈ (TRAI)નું પૂરું નામ શું છે ? – Telecom Regulatory Authority of India

38. તાજેતરમાં પાકિસ્તાનમાં ઈમરાન ખાનની સરકારથી આઝાદી મેળવવા માટે કોના નેતૃત્વમાં આઝાદી કૂચ કરાચીથી ઈસ્લામાબાદ પહોંચી છે ? – મૌલવી ફઝલુર રહેમાન

39. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે 108 ઉપનિષદોનું તે દેશની ભાષામાં ભાષાંતર કરવા માટે કરાર કર્યા છે ?
– જર્મની

40. તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત કયા શહેરના ઘરોમાં સ્માર્ટ નેમ પ્લેટ લગાવવાનો પ્રારંભ થયો છે કે જેનાથી તેમાં લગાવેલ ક્યુઆર કોડ પરથી પ્રોપર્ટી ટેક્સ, વીજળી પાણીનું બીલ જાણી શકાશે ? – ઉજ્જૈન (મધ્યપ્રદેશ)

41. તાજેતરમાં ગુજરાતમાં મહંત ભરતદાસ બાપુનું નિધન થયું છે...તેઓ ગુજરાતના ગીર જંગલ મધ્યે આવેલા કયા મતદાન મથકના એક માત્ર મતદાર હતા ? – બાણેજ

42. તાજેતરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવેલા વર્લ્ડ બેન્કના વર્તમાન અધ્યક્ષનું નામ શું છે ?
– શ્રી ડેવિડ માલ્પાસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

43. 22થી 26 નવેમ્બર 2019 દરમિયાન કયા સ્ટેડિયમમાં ભારતની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચનું આયોજન કરવામાં આવ્યું છે ? – ઈડન ગાર્ડન સ્ટેડિયમ (કોલકાતા)

44. તાજેતરમાં મહાન કૃષિ વિજ્ઞાની અને જૈવિક ખેતી 'અમૃત કૃષિ'ના પ્રણેતાનું ગોવા એક્સપ્રેસ ટ્રેનમાં હાર્ટ એટેકથી નિધન થયું છે...તેમનું નામ શું છે ? – શ્રી દીપક સચદે

45. તાજેતરમાં શ્રી દીપક સચદેનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – કૃષિ

46. જૈવિક ખેતી 'અમૃત કૃષિ'ના પ્રણેતા શ્રી દીપક સચદેનું તાજેતરમાં નિધન થયું છે...નિધન અગાઉ તેઓ ભારતના કયા રાજ્યમાં જૈવિક કૃષિ સલાહકાર તરીકે કાર્યરત હતા ? – મધ્યપ્રદેશ

(1980ના દાયકામાં તેમણે ગુજરાતના શારદાગ્રામથી પોતાના સેવાકાર્યોની શરૂઆત કરી હતી.)

47. તાજેતરમાં ભારતની અલાહાબાદ હાઈકોર્ટના કયા ન્યાયાધીશે સૌથી વધુ કેસોમાં ચુકાદો આપનાર એશિયાના પ્રથમ જજ બનવાની સિદ્ધિ મેળવી છે ? – શ્રી સુધીર અગ્રવાલ

(31 ઓક્ટોબર 2019 સુધીમાં તેઓ આશરે 1,30,418 કેસોમાં ચુકાદો આપી ચૂકયા છે)

48. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા તાજેતરમાં કઈ એરલાઈન્સને 31 જાન્યુઆરી 2020 સુધીમાં પોતાના 97 વિમાનોના ખામી યુક્ત એ-320 એન્જીન બદલી નાખવાનો આદેશ આપવામાં આવ્યો છે ? – ઈન્ડિગો એરલાઈન્સ

49. તાજેતરમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત ગુજરાતના કયા શહેરમાં બોલબાલા ટ્રસ્ટ દ્વારા ગરીબો માટે ફ્રીમાં ફૂડ ડિલિવરી સર્વિસ શરૂ કરવામાં આવી છે ? – રાજકોટ

50. તાજેતરમાં ભારતની કઈ યુનિવર્સિટીના સેન્ટર ઓફ સસ્ટેનેબલ એમ્પ્લોયમેન્ટ દ્વારા પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર ભારતમાં છેલ્લા છ વર્ષમાં 91 લાખ લોકોએ નોકરી ગુમાવી છે ? – અઝીમ પ્રેમજી યુનિવર્સિટી

51. તાજેતરમાં ભારતમાં Environment Pollution (Prevention and Control) Authority - EPCAએ ભારતના કયા રાજ્યોમાં પરાળી બાળનારા સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે ? – પંજાબ અને હરિયાણા

52. તાજેતરમાં શ્રી ગુરુદાસ દાસ ગુપ્તાનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – રાજકારણ

53. ત્રણ વખત રાજ્યસભાના અને બે વખત રાજ્યસભાના સાંસદ રહેલા શ્રી ગુરુદાસ દાસ ગુપ્તાનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા પક્ષના દિગ્ગજ નેતા હતા ? – કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI)

54. શ્રી ગુરુદાસ દાસ ગુપ્તાનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ ભારતના કયા રાજ્યમાંથી ત્રણ વખત રાજ્યસભાના સાંસદ રહ્યા હતા ? – પશ્ચિમ બંગાળ

55. તાજેતરમાં 31 ઓક્ટોબર 2019ના રોજ ભારતના કયા પાડોશી દેશમાં ટ્રેનમાં આગ લાગતા આશરે 73 લોકોના મોત થયા હતા ? – પાકિસ્તાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

56. તાજેતરમાં કયા દેશના સોફ્ટવેરથી ભારત સહિત દુનિયાભરના 1400 જેટલા યુઝર્સના વોટ્સએપ વીડિયો કોલિંગ ફિચરનો ઉપયોગ કરીને જાસૂસી કરવામાં આવી હતી...એવો વોટ્સએપ દ્વારા ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે ?
– ઈઝરાયેલ (ઈઝરાયેલી જાસૂસી સિસ્ટમ પેગાસસનો ઉપયોગ કરીને)

57. તાજેતરમાં 22 નવેમ્બર 2019થી ભારત પશ્ચિમ બંગાળમાં કોલકાતાના ઈડન ગાર્ડન સ્ટેડિયમ ખાતે કયા દેશ સામે તેના ટેસ્ટ ઈતિહાસમાં પ્રથમ ડે નાઈટ ટેસ્ટ મેચ રમશે ? – બાંગ્લાદેશ

58. બુકીએ ફિક્સિંગ માટે કરેલી ઓફર્સ છૂપાવવા બદલ ICCના એન્ટિ કરપ્શન યુનિટે તાજેતરમાં કયા ક્રિકેટર પર બે વર્ષનો પ્રતિબંધ મૂક્યો છે ? – શ્રી શાકિબ અલ હસન (બાંગ્લાદેશની ટીમના કેપ્ટન)

59. તાજેતરમાં ભારતીય સેનાને સૌપ્રથમ વખત ભારતમાં જ બનેલા 40,000 જેટલા બુલેટપ્રૂફ જેકેટ સોંપવામાં આવ્યા છે...આ બુલેટપ્રૂફ જેકેટનું નિર્માણ કઈ કંપની દ્વારા કરવામાં આવ્યું છે ? – SMPP પ્રાઈવેટ લિમિટેડ

60. તાજેતરમાં ભારતમાં ભારતીય સેનાની 21 સ્ટ્રાઈક કોર 'સુદર્શન ચક્ર' દ્વારા કઈ જગ્યાએ 'સિંધુ સુદર્શન' નામથી મેરેથોન યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે કે જેમાં એરફોર્સ ઉપરાંત ભારતીય આર્મીના 40,000 જેટલા જવાનો ભાગ લઈ રહ્યા છે ? – પોખરણ, રાજસ્થાન

61. તાજેતરમાં ભારતના કયા શહેરમાં દિવાળી પર્વ નિમિત્તે સાત દેશોના લગભગ 1000 જેટલા કલાકારોએ રામલીલા ભજવી હતી ? – અયોધ્યા (ઉત્તરપ્રદેશ)

62. તાજેતરમાં કયા દેશની નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ સિંગલ યુઝ પ્લાસ્ટિકના રિસાઈકલિંગનો નવો રસ્તો શોધ્યો છે કે જેનાથી મોટર ઓઈલ, ડિટરજન્ટ અને કોસ્મેટિક બનાવી શકાશે ? – અમેરિકા

63. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કયા કેસમાં વોડાફોન, એરટેલ, આઈડિયા અને રિલાયન્સ કોમ્યુનિકેશન જેવી ટેલીકોમ કંપનીઓને સરકારને રૂ. 92000 કરોડની લાઈસન્સ ફી અને રૂ. 41,000 કરોડની સ્પેક્ટ્રમ ઉપયોગની ફી સહિત કુલ રૂ. 1.3 લાખ કરોડ ચૂકવવાનો આદેશ આપ્યો છે ? – એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (AGR)ની વ્યાખ્યા અંગેના કેસમાં

64. તાજેતરમાં વેતન તથા અન્ય ફાયદા સંબંધિત મુદ્દાને લઈને કયા દેશના ક્રિકેટરો હડતાલ પર ઉતર્યા હતા ?
– બાંગ્લાદેશ

65. તાજેતરમાં કયા પેરાલિમ્પિયન ખેલાડીએ સ્નાયુની બિમારીના કારણે ઈચ્છા મૃત્યુથી પોતાના જીવનનો અંત કર્યો છે ?
– સુશ્રી મરીકી વરવૂર્ટ (બેલ્જિયમ)

66. એર પોલ્યુશનના નિયંત્રણ માટે ગુજરાતના કયા શહેરમાં ચીનની પેટર્ન પર અંદાજે રૂ. દોઢ કરોડના ખર્ચે ક્લીન એનવાયર્નમેન્ટ રિસર્ચ સેન્ટર (CERC) અને IIT દિલ્હી દ્વારા એર પ્યોરિફાયર ટાવર બનાવવામાં આવશે ?
– સુરત

67. ભારતમાં કઈ બારસ 'વાઘ બારસ'(અથવા તો 'વાક્ બારસ' કે 'પૌડા બારસ') તરીકે ઓળખાય છે ? – આસો વદ બારસ

68. ભારતમાં કઈ તેરસ 'ધન તેરસ' તરીકે ઉજવાય છે ? – આસો વદ તેરસ

69. ભારતમાં ધનતેરસ કયા રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવાય છે ? – રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ

70. વર્ષ 2019માં ભારતમાં કયા દિવસે 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ? – 25 ઓક્ટોબર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**71.** **25 ઓક્ટોબર 2019ના રોજ ભારતમાં કેટલામા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?**

**– ચોથા**

**72.** **ભારતમાં આરોગ્યના કયા ભગવાનનો જન્મદિન ધનતેરસ 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' તરીકે ઉજવાય છે ?**

**– ભગવાન ધન્વંતરી**

**73.** **ભારતમાં કેન્દ્ર સરકારે તાજેતરમાં 'રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, 2005'માં સુધારો કરીને માહિતી કમિશનરોનો કાર્યકાળ ઘટાડીને કેટલો કર્યો છે કે જે અગાઉ 5 વર્ષ અથવા 65 વર્ષની ઉંમર પૈકી જે વહેલો હોય તે હતો ?**

**– 3 વર્ષ**

**74.** **કેન્દ્ર સરકારે તાજેતરમાં ભારતના મુખ્ય માહિતી કમિશનર માટે કેટલો પગાર નિશ્ચિત કર્યો છે ?** **– રૂ. 2,50,000**

**75.** **ભારતમાં હવે મુખ્ય માહિતી કમિશનર સિવાયના અન્ય માહિતી કમિશનરોને કેટલો પગાર મળશે ?**

**– રૂ. 2,25,000**

**76.** **તાજેતરમાં ભારતમાં જેનોમ મેપિંગ હેઠળ પ્રથમવાર 1008 વ્યક્તિનો જીનેટિક ડેટા એકઠો કરવામાં આવ્યો છે...આ પ્રોજેક્ટને શું નામ આપવામાં આવ્યું છે ?** **– ઈન્ડિજેન**

**77.** **તાજેતરમાં ભારતમાં કઈ સંસ્થા દ્વારા 'ઈન્ડિજેન પ્રોજેક્ટ' અંતર્ગત ભારતમાં પ્રથમવાર 1008 વ્યક્તિનો જિનેટિક ડેટા એકઠો કરવામાં આવ્યો છે ?** **– ધ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR)**

**78.** **તાજેતરમાં ભારતમાં રમાયેલી વિજય હજારે ટ્રોફી દરમિયાન ભારતના કયા બોલર પોતાના બર્થ ડેના દિવસે જ હેટ્રિક લઈને આવી સિદ્ધિ મેળવનાર ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર શ્રી સિડલ બાદ વિશ્વના બીજા બોલર બન્યા હતા ?**

**– કર્ણાટકની ટીમના ફાસ્ટ બોલર શ્રી અભિમન્યુ મિથુન**

**79.** **તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન ગુજરાતમાં કયા જિલ્લાને કેરોસીન ફ્રી જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે ?**

**– ગાંધીનગર**

**80.** **તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમીત શાહે ગુજરાતના કયા શહેરમાં તૈયાર થયેલા ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું ?** **– ગાંધીનગર**

**81.** **તાજેતરમાં વિઝડન ઈન્ડિયા અલ્માનકે ભારતના કયા પુરુષ અને મહિલા ક્રિકેટરોને 'વિઝડન ક્રિકેટર ઓફ ધ યર' જાહેર કર્યા છે ?** **– શ્રી જસપ્રીત બુમરાહ અને સુશ્રી સ્મૃતિ માંધાના**

**82.** **તાજેતરમાં ભારતના કયા બે ક્રિકેટરોને વિઝડન ઈન્ડિયાના હોલ ઓફ ફેમમાં સ્થાન આપવામાં આવ્યું છે ?**

**– શ્રી લાલા અમરનાથ અને શ્રી ગુંડપ્પા વિશ્વનાથ**

**83.** **તાજેતરમાં કયા દેશે ભારતના પ્રવાસી નાગરિકોને વીઝામાંથી મુક્તિ આપી છે ?** **– બ્રાઝિલ**

**84.** **તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ઉઝબેકિસ્તાનના પ્રવાસ દરમિયાન રૂ. 22 કરોડના ખર્ચે ગુજરાતના કયા શહેરની મશીનરી ઉઝબેકિસ્તાનમાં ફીટ કરવા માટે કરાર થયા છે?** **– રાજકોટ**

**85.** **તાજેતરમાં ભારતના કયા શહેરમાં લગભગ 5.51 લાખ દિવડા પ્રગટાવીને સૌથી વધુ દિપપ્રાગટ્યનો ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવવામાં આવ્યો છે ?** **– અયોધ્યા (ઉત્તરપ્રદેશ)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| ✓ GPSC | ✓ SBI | ✓ PSI | ✓ TALATI |
| ✓ UPSC | ✓ PO | ✓ PI | ✓ Dy. S.O. |
| ✓ IBPS | ✓ CLERK | ✓ CONSTABLE | ✓ Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.